લાયબ્રેરી – બુકબેંક ગાઈડ લાઈન :– લાઈબ્રેરી વિભાગ સ્ટાફને બધા જ દિવસ (રજા સિવાય) ટેક્સ્ટ બુક / રેફરન્સ બુક ઈસ્યુ કરી આપે છે. સ્ટુડન્ટ્સને પણ બધા જ દિવસ (સ્કૂલ–કોલેજ અવર્સ પહેલા ને પછી) ટેક્સ્ટ બુક / રેફરન્સ બુક ઈસ્યુ કરી આપવામાં આવે છે. પરંતુ ગુજરાતી નવલકથા – નવલિકા વગેરે પુસ્તક જ શનિવારે ઈસ્યુ કરી આપવામાં આવે છે. બુકબેંકમાં ટીચીંગ સ્ટાફને ટોકન ઘસારો ૫ % રહેશે. જયારે સ્ટુડન્ટ્સ માટે સેમેસ્ટર પધ્ધતિમાં ઘસારો ૧૫% રહેશે. પરંતુ બુકની કિંમત રૂા.૫૦૦ ઉપર જશે તો ઘસારો ૨૦% રહેશે. સેમેસ્ટરને અંતે ઘસારા પરની બધી જ બુક્સ ફરજીયાત જમા કરાવવાની રહેશે. સંસ્થાના નિયમ મુજબ વેકેશન અને મિડટર્મમાં રેગ્યુલર ઈસ્યુ પુસ્તક પરત લેવામાં આવે છે. લાયબ્રેરીમાંથી ટીચીંગ સ્ટાફ કે સ્ટુડન્ટ્સને ઘસારા પર ઈસ્યુ કરાયેલ બુક્સ જો અન્ય પાસે જશે તો તેના ૩૦% લેખે ઘસારો વસુલ કરવામાં આવશે. લાયબ્રેરીમાંથી નોન ટીચીંગ સ્ટાફને ઘસારા પર બુક ઈસ્યુ કરવાની પ્રથા નથી. બુકબેંકમાંથી જે તે ફેકલ્ટીનો સ્ટાફ પોતાની ફેકલ્ટી રીલેટેડ બુક્સ જ ઘસારા પર લઈ શકશે તે સિવાયની ફેકલ્ટીની બુક્સ પર ૩૦% લેખ ઘસારો વસુલ કરવામાં આવશે. ફરતી લાયબ્રેરી FY થી PG સુધીના સ્ટાફ – સ્ટુડન્ટ્સ માટે જ ચાલુ રહેશે. લાયબ્રેરીમાં સ્ટાફ કે સ્ટુડન્ટ્સને પખવાડીયા માટે બુક ઈસ્યુ થશે અને પખવાડિયાને અંતે તે બુક રિઈસ્યુ કરવાની પ્રથા નથી. લાયબ્રેરીમાં ટીચીંગ સ્ટાફને વિષય ટેક્સ્ટ બુક / રેફરન્સ બુક પાંચ અને નોનટીચીંગ સ્ટાફને બે બુક જ પખવાડિયા માટે ઈસ્યુ કરવામાં આવશે. લાયબ્રેરીમાં પ્રોફેશનલ અને PG કોલેજના સ્ટુડન્ટ્સને રેગ્યુલર પીરીયડમાં ચાર બુક ઈસ્યુ થશે, જ્યારે મેઈન કોલેજનાં સ્ટુડન્ટ્સને રેગ્યુલર પીરીયડમાં બે બુક ઈસ્યુ થશે. ગુજરાતી / અંગ્રેજી મિડીયમ સ્કુલના સ્ટુડન્ટ્સને દર ગુરૂવારે (સ્કુલ અવર્સ પહેલા ને પછી)રેગ્યુલર પીરીયડમાં એક બુક ઈસ્યુ થશે. મલ્ટીમીડીયા લાયબ્રેરીમાં સ્ટાફ કે સ્ટુડન્ટ્સને એક જ CD/DVD એક દિવસ માટે ઈસ્યુ થશે. લાયબ્રેરીમાં રૂા. ૧૦૦૦ ની બુક કે ૨૦૦૦ પેઈઝ થી વધુની બુક એક દિવસ પુરતી અને ઈન કેમ્પસ પુરતી ઈસ્યુ થશે. લાયબ્રેરીમાંથી રૂા. ૨૦૦૦ થી વધુની બુક લાયબ્રેરી બહાર લઈ જઈ શકાશે નહિ. લાયબ્રેરીમાંથી દુર્લભ બુક લાયબ્રેરી બહાર લઈ જઈ શકાશે નહિ. લાયબ્રેરીમાંથી મેગેઝિન કે જર્નલ લાયબ્રેરી બહાર લઈ જઈ શકાશે નહિ. લાયબ્રેરીમાં બુક લેઈટ જમા કરતા સ્ટાફ અને સ્ટુડન્ટ્સને બુક દીઠ દરરોજનાં રૂા. લેખે દંડ ભરવાનો રહેશે. ડેમેજ બુક જમા કરાવતી વખતે જે તે બુક તથા પ્રિન્ટેડ કિંમત એમ બન્ને વસુલ થશે. બુક લોસ્ટ વખતે પ્રિન્ટેડ કિંમતની ડબલ રકમ જમા કરવાની રહેશે. અથવા તો લેટેસ્ટ એડીશનની બુક સ્વખર્ચ ખરીદીને જમા કરવાની રહેશે. લાઈબ્રેરીની કોઈપણ બુકમાંથી ઝેરોક્ષની વ્યવસ્થા સ્વખર્ચે લાઈબ્રેરી મારફત કરવાની રહેશે. લાઈબ્રેરીમાં સ્ટાફ – સ્ટુડન્ટ્સને I-Card વગર બુક ઈસ્યુ થશે નહી. વિદ્યાર્થીની અને સ્ટાફે નવી ખરીદી માટે સજેશન ફોર્મ ભરી આપવું. લાઈબ્રેરીની કોઈ પણ બુકમાં પેનથી સ્ટાફ–સ્ટુડન્ટ્સ દ્વારા લીટી, નિશાની કે અભિપ્રાય વગેરે કરવા નહી. સંસ્થાના નિયમ મુજબ ટીચીંગ સ્ટાફ – નોન ટીચીંગ સ્ટાફ ફરજમુકત થતા પહેલા લાયબ્રેરીમાંથી "NOC સર્ટિફિકેટ ઈસ્યું"કરાવવું ફરજિયાત રહેશે.

ટેકસબુક ફરજીયાત :– ધો. ૧ થી PG સુધીની દરેક વિદ્યાર્થીની પાસે વિષય દિઠ એક પુસ્તક હોવું જરૂરી રહેશે. પ્રેકિટકલ વિષયનો ભાગ હોય તો પણ પ્રેકિટકલનું પુસ્તક જરૂરી રહેશે. આ પુસ્તક તેમણે પોતાનું વસાવવાનું રહેશે અથવા બુકબેંકમાંથી ઘસારા ઉપર લેવાનું રહેશે. FY થી PG સુધી બુકબેંકમાં સ્ટોકમાં હશે તેટલા પુસ્તક ઘસારા પર ઈસ્યુ થશે. વિદ્યાર્થીની પાસે વિષય દીઠ એક પુસ્તક છે કે કેમ તેની વિષય શિક્ષક દફતર ચકાસણી કરશે. વિષય દીઠ એકથી વધુ પુસ્તક ઈચ્છનીય છે પરંતુ ફરજીયાત નથી. વિદ્યાર્થીની પાસે પર્સનલ લાયબ્રેરી હોવી ઈચ્છનીય છે પરંતુ ફરજીયાત નથી. પુસ્તક એટલે કે ટેકસબુક અથવા તેના જેવી બુક.

ભેટ વસ્તુઓ – લાયબ્રેરીમાં :– સંસ્થાનાં ટીચીંગ–નોનટીચીંગ સ્ટાફને કોઈના તરફથી પુસ્તક, મેગેઝીન, ડાયરી, કેલેન્ડર વિગેરે ભેટ મળતી હોય તેવી ભેટ–સોગાદ લાયબ્રેરીમાં જમાં કરાવવાની પ્રથા છે. જેમ કે સંસ્થામાં હોદ્દાની રૂએ કે સ્કૂલ–કોલેજનાં નામ પર પોસ્ટ –કુરીયર મારફત આવતી બુક્સ, મેગેઝીન, ડાયરી, કેલેન્ડર વિગેરે લાયબ્રેરીમાં જમા કરાવવા વિનંતી જેથી તેનો ઉપયોગ સ્ટાફ તથા સ્ટુડન્ટસ કરી શકે. ડાયરી–કેલેન્ડરનું વિતરણ લાયબ્રેરી સ્ટાફની વિવેક બુધ્ધી પર છોડવામાં આવે છે.

૨૪૨ – લાયબ્રેરી મેગેઝિન વ્યવસ્થા

પ્રા. શાળા, મા. શાળા, ઉ.મા. શાળા, પી.ટી.સી. ,બી.એડ. એમ.એડ. કોલેજ મેગેઝિન ફાળવણી	**સાપ્તાહીક:**(૧)સાધના–૫૦૦ (૨)સ્ત્રી–૪૦૦ (૩)ગુજરાત રોજગાર સમાચાર–૩૦ **માસિક:** (૪)સુગણિતમ–૧૨૦ (૫)સાયબર સફર–૩૦૦ (૬)નમસ્કાર–૫૦૦ (૭)ઘીગા મસ્તી–૩૦૦ (૮)અંખડ આનંદ–૩૫૦ (૯)સર્વોતમ કારકિર્દી માગદર્શન–૨૨૦ (૧૦)રમત જગત–૩૨૫ (૧૧)લેટેસ્ટ ફેકટ ઈન જનરલ નોલેજ–૫૫૦ (૧૨)અચલા–૩૦૦ (૧૩)ઘરશાળા–૧૬૦ (૧૪)પ્રગતિશીલ શિક્ષણ–૨૫૦ (૧૫)સફારી–૪૦૦ (૧૬)ઓળખ[D] (૧૭)તાદર્થ[D] (૧૮)અભિનવ સાહિત્ય[D] (૧૯)ઉદગાર[D] (૨૦)ગરવું ગુર્જર સાહિત્ય[D] (૨૧)માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ[D] (૨૨)કેરિયર ગેટઓન ન્યુઝ–૪૮૫ **દ્વિમાસિક** : (૨૩)સાયુજય[D]
આર્ટસ,કોમર્સ કોલેજ મેગેઝિન ફાળવણી	**સાપ્તાહિક :**(૧)અભિયાન–૯૫૦ (૨)લિબર્ટી કેરિયર ન્યુઝ–૪૫૦ (૩) ગુજરાત રોજગાર સમાચાર[D](૪)કેરિયર ગેટઓન ન્યુઝ–૪૮૫ **પખવાડિક :** (૫)ડાયમંડ સીટી [D] (૬)રોજગારી દર્શન[D](૭)ગુજરાત[D]**માસિક:** (૮)સાયંસ સીટી–૪૦૦ (૯)લેટેસ્ટ ફેકટસ ઈન જનરલ નોલેજ–૫૫૦(૧૦)ગૃહ શોભા–૪૦૦(૧૧)વર્લ્ડ ઈન બોકસ મેગેઝિન–૬૦૦(૧૨)Education World–૮૦૦ (૧૩)Pratiyogita Darpan(Eng.)–૬૩૦(૧૪)Chartered Secretary–૮૫૦ (૧૫)Chartered Accounts- ૧૧૦૦(૧૬)The Journal of Management Outlook-૧૬૦૦ (૧૭)ખોડલધામ–૮૦૦(૧૮)ઓળખ[D] (૧૯)માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ[D](૨૦)પટેલ(૨૧)સુવાસ[D](૨૨)તમન્ના[D](૨૩)દિવ્ય પ્રેરણાનું ઝરણું [D](૨૪)જ્ઞાનામૃત [D] (૨૫)મહામિડિયા[D](૨૬)યુગ શકિત ગાયત્રી[D](૨૭)The Vedant Keshari[D](૨૮)ગરવું ગુર્જર સાહિત્ય[D](૨૯)અભિનવ સાહિત્ય[D](૩૦)સર્જક ઉદગાર[D](૩૧)વજાનુ વાત્સલ્ય[D](૩૨)આયુર્વેદ ટાઈમ્સ[D](૩૩)બાળપ્રકાશ[D](૩૪)સાયન્સ એકસપ્રેસ[D] **દ્વિમાસિક** : (૩૫)સાયુજય[D]
સાયંસ કોલેજ જર્નલ ફાળવણી	**પખવાડિક :**(૧)Current Science-૨૦૦૦ (૨)CSIR News–૫૦૦ **માસિક :** (૩)Science Reporter–૩૦૦ (૪)BoiSpectrum–૯૦૦ (૫)Indian Journal of Pure & Applied Physics–૩૨૦૦ (૬)Dream 2047[D](૭)Competition Affairs English- ૮૫૦ **દ્વિમાસિક** :(૮)Indian Journal of Biochemitry & Biophysics–૧૯૦૦(૯)Indian Journal Of Chemical Technology–૧૬૦૦(૧૦)Journal of Chemical Science- ૧૧૦૦ (૧૧)Indian Jr. of Pure & Applied Mathematics-૧૯૦૦ **ત્રિમાસિક:**(૧૨)Indian Journal of Biotechnology–૧૨૦૦ (૧૩)Journal of Bio-Science–૭૦૦
બી.બી.એ., એમ.બી.એ. કોલેજ જર્નલ ફાળવણી	**સાપ્તાહિક :**(૧)ગુજરાત રોજગાર સમાચાર(૨)કેરિયર ગેટઓન ન્યુઝ[D] **પખવાડિક :**(૩)ગુજરાત(૪)રોજગારી દર્શન **માસિક :**(૫)ઓળખ[D](૬)શિક્ષણ અને પરીક્ષણ[D] **દ્વિમાસિક** :(૭)સાયુજય[D] **ત્રિમાસિક :** (૮)Jouranal of Organizational Behaviour-1000 (૯)Journal of Corporate Governance-1000 (૧૦)Journal of Operations Management-1000 (૧૧)Inventi Impact Start-Ups-1500 (૧૨)Inventi Impact Business Res.& Reviews-1250 (૧૩)Inveti Impact International Trade-2500 (૧૪)Inventi Impact Retailing & Consumer Ser-2500 (૧૫)Inventi Impact Human resources-3000 (૧૬)Journal of Applied Economics-1000 (૧૭)Journal of Supply Chain management-1000 (૧૮)Journal of Financial Risk/management-1000 (૧૯) Journal of Applied Finance-1000 (૨૦)Inventi Impact Supply Chain & Logistics-2500 (૨૧)Journal of Management Research 1000 (૨૨)Journal of Markerting Management-1000 (૨૩)Journal of Accounting Reasearch & Audit Practice-1000 (૨૪)Journal of Bank management -1000 (૨૫)Journal of Knowledge Magement -1000 (૨૬)Journal of Business Staregy -1000 (૨૭)Journal of International Relations-1000 (૨૮)Journal of Law Review-1000 (૨૯)The Journal of Telecommunications-1000 (૩૦)Case Folio-1000 (૩૧) Journal of Brand Management-1000
ઈન્ફોટેક ,એમ.સી.એ, એમ.એસસી (M.Sc. IT&CA) કોલેજ જર્નલ ફાળવણી	**સાપ્તાહિક :** (૧)ગુજરાત રોજગાર સમાચાર[D] (૨)કેરિયર ગેટઓન ન્યુઝ[D] **માસિક :** (૩)ઓળખ[D] (૪)સુખી જીવન[D] (૫)માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ[D] (૬)સાયુજય [D] (૭)ગુજરાત[D] (૮)ગરવું ગૂર્જર સાહિત્ય[D] **ત્રિમાસિક :** (૯)Algorithm-3500 (૧૦)Cloud Computing-3000 (૧૧)Artificial Intelligence- 3000 (૧૨)Comp Networks & Communication-3000 (૧૩)Computational Mathematics-3000 (૧૪)Computer Games Technology- 3000 (૧૫)Multimedia-3000 (૧૬)Reconfigurable Computing-3000 (૧૭)Software Engineering-1500 (૧૮)Embedded System-3000 (૧૯)Information Security-3000 (૨૦)Robotics-3000
ફાર્મસી કોલેજ જર્નલ ફાળવણી	**ત્રિમાસિક :** (૧)Asian Journal of Pharmaceutics-4000 (૨)Indian Journal of Natural Products & Resources-1200 (૩)Pharma Tech-1250 (૪)Enthopharmacology-1250 (૫)Asian Journal of Pharmaceutical Analysis-2000 (૬)Asian Journal of Research in P'ceutical Science-2000 (૭)Research Journal of P 'cognosy & Phytochemistry-2000 (૮)Research journal of P' cology & P' codynalmics-2000 (૯)Asian Journal of Pharmaceutical Research-2000 (૧૦)Research journal of P'ceutical Dosage form & tech.-2000 (૧૧)Asian Journal of Pharmacy & Technology-2000
ઈ–જર્નલ	**આર્ટસ,કોમર્સ,સાયંસ:** 1.N-LIST - 34,500 (On line) **એમ.સી.એ.:** 2.DELNET - 11,500 (On line) **એમ.બી.એ.:** 3. DELNET-11,500 (On line) **ફાર્મસી** 4.DELNET-11,500 (On line)

૨૪૩ – M.Sc.(BT) કોલેજ પુસ્તક યાદી

વિષયનું નામ / પેપર નંબર	ટેક્સ્ટ બૂક અથવા તેના જેવી બૂકનું નામ	વિષયનું નામ / પેપર નંબર	ટેક્સ્ટ બૂક અથવા તેના જેવી બૂકનું નામ
M.Sc. Sem-I (BT)		**M.Sc. Sem-II (BT)**	
BT-101	Microbiology 6th edi.by Prescott Microbiology 8th edi.by Tortora Microbiology 7th edi. by S.S. Purohit	BT-206	Molecular Cell biology 6th edi. by Lodish
BT-102	Enzymes (Biochemistry,Biotechnology,Clinical Chemistry) by Trevor Palmer	BT-207	Immunology By Kuby
BT-103	Genes VII by Benjamin Lewin Genes Lewin's XI by Jones & Bartlett	BT-208	Molecular biology of the gene 6th edi. by Watson & Baker Gene VII by Benjamin Lewin
BT-104	Fundamental of biochemistry by Donald Voet & Judith G. Voet Principles of Biochemistry 3rd by Lehninger Biochemistry 5th edi. by Jeremy Berg & Lubert Stayer	BT-209	Principle and Techniques of Biochemistry and Molecular biology 7th edi. by Wilson & Walkar Introducation of Biostastics by Benerjee S.Chand Pub.
M.Sc. Sem-III (BT)		**M.Sc. Sem-IV (BT)**	
BT-311	Principles of Fermentation Technology by Stanbury whittakar	BT-418	Extremophiles : Microbial life in extream environments by Koki Horikoshi Biotechnology of extremophiles advances & challenges by Pabulo H Rampelotto Molecular evolution and Phylogenetics by Masatoshi Nei, Sudhir Kumar
BT-312	Molecular biotechnology 4th edi.by Bernard Glick,&Pasternak	BT-419	Biotechnology and intellectual property right by khshitij kumar singh Intellectual property right in the global economy by Keith E Maskus
BT-313	Bioinformatics methods and Practicals by Stephen Misener		
BT-316	Biotechnology: Food Fermentation by V.K. Joshi Food microbiology by Frazier & Westhoff Plant Cell and Tissue Culture by Stepan-Sarkissian		

૨૪૪ – ન્યુઝ પેપર ફાળવણી

ક્રમ	વિભાગ–પેપર	ક્રમ	વિભાગ–પેપર	ક્રમ	વિભાગ–પેપર	ક્રમ	વિભાગ–પેપર	ક્રમ	વિભાગ–પેપર
૧	H1 - ગુજરાત સમાચાર, અકિલા	૫	H5 - દિવ્યભાસ્કર,અમરેલી એકસપ્રેસ	૮	H8 - Times of India, દિવ્યભાસ્કર	૧૧ ૧૨	P.H.C.- ફુલછાબ **વોર્ડન ઓફિસ–** અવધટાઈમ્સ ગુજરાત સમાચાર	૧૫	Times of India **સેન્ટ્રલ લાઈબ્રેરી–**સંદેશ, ગુજરાત સમાચાર, સૌરાષ્ટ્ર સમાચાર, દિવ્ય ભાસ્કર, દિવ્ય પ્રકાશ,અમરેલી એકસપ્રેસ,અવધટાઈમ્સ, ફુલછાબ, Times of India
૨	H2 - ગુજરાત સમાચાર,	૬	H6 - Times of India, સંદેશ	૯	H9 - Times of India, સંદેશ	૧૩	**ઈન્ફોટેક લાઈબ્રેરી–**ગુજરાત સમાચાર		
૩	H3 - સંદેશ,દિવ્ય પ્રકાશ								
૪	H4 - દિવ્યભાસ્કર, સૌરાષ્ટ્ર આસપાસ	૭	H7 - Times of India, ગુજરાત સમાચાર	૧૦	H10- Times of India, સંદેશ	૧૪	**ફાર્મસી લાઈબ્રેરી–**સંદેશ,		

નોંધ : દિવ્ય પ્રકાશ,અબતક,સૌરાષ્ટ્ર આસપાસ,ગિરીરાજ ટાઈમ્સ,સંસ્થામાં ભેટ મળે છે.

૨૪૮ – નિવાસી વ્યવસ્થા સિલેકટેડ સુચનાઓ – B

કિંમતી વસ્તુની મનાઈ :– છાત્રાલયમાં કિંમતી દાગીના પહેરવાની મનાઈ છે અને કિંમતી વસ્તુઓ રાખવાની મનાઈ છે.

નિયમ પાલન :– વિદ્યાર્થીનીઓ અને વાલીએ છાત્રાલયના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, અન્યથા પ્રવેશ રદ કરવામાં આવશે.

ઘેરથી નાસ્તો :– છાત્રાલયમાં સવારે અને બપોર પછી નાસ્તો આપવામાં આવે છે તેથી ઘરનો નાસ્તો આપવાનો આગ્રહ નહિ રાખવા વાલીશ્રી ને વિનંતિ છે.

ખોડ ખાપણ :– છાત્રાલયમાં પોતાનું નિત્યકામ ન કરી શકે એવી ખોડખાપણ ધરાવતી વિદ્યાર્થીનીને પ્રવેશ મળશે નહિ, જેની ખાસ નોંધ લેવી.

કાયમી બિમારી :– ગંભીર તેમજ કાયમી બિમારી ધરાવતી વિદ્યાર્થીનીને પ્રવેશ આપવામાં આવશે નહિ.

ગેર શિસ્ત પગલા :– છાત્રાલયમાં ગેરવર્તણૂંક કરનાર તેમજ છાત્રાલયમાં શિસ્ત, વ્યવસ્થા સંબંધી તમામ નીતી નિયમો કે સૂચનાઓનું ચુસ્તપણે વિદ્યાર્થીનીઓએ પાલન કરવાનું રહેશે, અન્યથા શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

સહાધ્યાયી દ્વારા ખરીદી :– બી.એડ. અને પી.ટી.સી. ની વિદ્યાર્થીની ઓએ તેમની પ્રોજેકટ સામગ્રી સીટીની વિદ્યાર્થીની દ્વારા ખરીદી કરવાનો આગ્રહ રાખવામા આવે છે.

ભાગ લેવો ફરજીયાત :– છાત્રાલયમાં નકકી કરેલ કાર્યક્રમો જેવા કે વહેલું ઉઠવું, પ્રાર્થના, અંગ કસરત, અધ્યયન, તેમજ પ્રસંગોમાં ગોઠવાતા સાંસ્કૃતિક, શૈક્ષણિક કાર્યક્રમોમાં ફરજીયાત ભાગ લેવાનો રહેશે.

ઉપવાસની મનાઈ :– છાત્રાલયમાં વાર–તહેવાર રહેવાના તેમજ ઉપવાસ કરવાની મનાઈ છે. સંજોગો વસાત સંસ્થા તરફ થી સમુહમાં કોઈ વ્યવસ્થા કરવામાં આવે તેમાં જોડાવવાનું રહેશે.

શિકાયત:– KF+F, IGL 1JnFYL'GLVM ; \:YFGF SM.56 1GIDGME\USZX[TMT[G[IMJI 1X1FF SZJFDF\ VFUX[P VFJL 1X1FF ;FDFgI ZLT[JFFGv, [BGVJGGF\ :J~5DF\ SZJFGL 5|YFZC[X|P

પરિપૂર્ણશ્રેણી:– AM0" VG[I] 1GJ";L8LGL 5 1Z1FF VF5ILAC[GMG[RF,] 5 1Z1FF NZ1DIFG 5 1Z1FF T{IFZLDF\ B, [, G5CMR[VG[;\S] , 5ZL;ZDF\ 5 1Z1FF, 1FL JF'IFUZ6 H/JF. ZC[T[8,FDF8[H[1JnFYL'GLVMGL 5 1Z1FF 5}6" YILÔIT[DT[DT[VMXSTb JC[,LCM:8[, KM0JFGL 5|YF'ZFB|P

પેકરંગિયેPT પ્રિસ્ટમંજુરિ:– AM0" VG[I] 1GPGL 5 ZL1FF NZ1DIFGH[1JnFYL'GLVMG[5[5ZCMIT[1NJ; [T[VMG[5LP8LP VG[5LZ;JFDF\YLD] 1ÉT VF5JL VG[T[DGL HuIFV[H]DG[5[5ZGCMIT[JL 1JnFYL'GLVMG[5LZ;JFDF\UM9UFGL 5|YF'ZFBJLP

રીડીગબેલ સુપરવિઝન :– રીડીંગ બેલ વખતે ગૃહમાતાએ જાતે દરેક માળે અવર–જવર રાખવી. રીડીંગ બેલની કામગીરી સી.આર. ને સોંપવી નહિ. સી.આર. એ પણ અન્ય વિદ્યાર્થીનીઓની માફક રીડીંગ કાર્ય કરવાનું છે. રીડીંગ બેલનો હેતુ સાર્થક બને તેવી પધ્ધતિ રાખવી.

પોષી પુનમ ઉજવણી વ્યવસ્થા :– હોસ્ટેલની વિદ્યાર્થીનીઓની લાગણી અને માંગણી ધ્યાને લઈ પોષી પુનમ ઉજવણીની નીચે પ્રમાણે વ્યવસ્થા રહેશે. ગ્રાઉન્ડ યા અગાશીમાં પોષી પુનમ રહેલ તમામ વિદ્યાર્થીનીઓ પાણી સહીત જમવાની તમામ અને પુરતા પ્રમાણમાં સ્વહસ્તે વસ્તુ લઈને એકી સાથે પંગતમાં બેસશે અને જમશે. આમ છતા જરૂર જણાશે તો પોષી પુનમ નહી રહેલ વિદ્યાર્થીનીઓ દ્વારા એકાદ વખત પંગતમાં પીરસવાની પણ વ્યવસ્થા રહેશે. તે દિવસે વ્રતવાસી અને વ્યવસ્થામાં રોકાયેલ વિદ્યાર્થીનીઓને રાત્રી કલાસમાં પ્રથમ તાસમાં મુક્તિ રહેશે. દરેક વ્રતવાસીને હોલવાળી એક–એક પુરી પ્રોવાઈડ થશે. ગ્રાઉન્ડમાં યા અગાશીમાં લાઈટ–માઈકની વ્યવસ્થા રહેશે. વિદ્યાર્થીનીઓ એક સાથે ચંદ્રદર્શન કરશે અને જમવાની "ભાઈ" પાસે એક સાથે રજા માંગશે. ઈંગ્લીશ મિડીયમનો કોઈ એક વિદ્યાર્થી "ભાઈ" તરીકેની ફરજ નિભાવશે. વ્યવસ્થાની તમામ જવાબદારી હોસ્ટેલ ગૃહમાતા નિભાવશે અને તેમને ભોજનાલય સ્ટાફ મદદરૂપ થશે. વોર્ડન ઓફીસ મોનીટરીંગ કરશે. જમવાની વસ્તુ જુદા–જુદા જિલ્લામાં જુદી–જુદી હોય છે પરંતુ સંકુલમાં અમરેલી જિલ્લાની પોષી પુનમની પરંપરા મુજબની વસ્તુ રહેશે.
સંકુલની સ્થાપનાથી ઉપરોક્ત વ્યવસ્થા અમલમાં છે જેનાં ચુસ્ત પાલનની ખાત્રી આપવામાં આવે છે.

૨૪૯ – નિવાસી વ્યવસ્થા સિલેકટેડ સુચનાઓ – C

ગૃહમાતાનું સેલ્ફ વર્ક :– દરેક હોસ્ટેલમાં ગૃહમાતાઓના રૂમ અને સંડાસ બાથરૂમની સાફ સફાઈ અને કચરા પોતા તેમજ કપડા ધોલાઈ જે તે રૂમમાં રહેતાગૃહમાતાઓએ જાતે જ કરવા કોઈપણ વિદ્યાર્થીનીઓને આ કાર્ય સોંપવું નહિ તેમજ શકય હોય ત્યાં સુધી વિદ્યાર્થીનીઓને ગુહમાતાનાં રૂમમાં પ્રવેશ માટે પણ કડક નિયમો રાખવા જેથી વિદ્યાર્થીનીઓમાં વહાલા–દવલાની છાપ ઉભી થાય નહિ. તે ખાસ જોવું વિદ્યાર્થીનીઓને ગૃહમાતાનું કામ હોય તો ગૃહમાતાને બહાર બોલાવી શકે છે.

પરીક્ષા તૈયારી માટે રજા નહી :– હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓનું ધ્યાન પરિક્ષાની તૈયારીમાં કેન્દ્રીત રાખવાના હેતુસર બોર્ડ અને યુનિ. ની પરિક્ષા આપનાર વિદ્યાર્થીનીઓને પરિક્ષા પૂર્વે વાંચવા માટે ઘેર જવાની છૂટ મળશે નહિ. આમ છતા કોઈ વિદ્યાર્થીની ઘેર જશે તો તેમનું નામ હોસ્ટેલમાંથી કમી થયેલ ગણાશે અને પરિક્ષાના દિવસોમાં તેમને હોસ્ટેલમાં પ્રવેશ મળશે નહિ.

જોઈન્ટ ફોટો :– સંકુલ પરિસરની કોઈપણ વિદ્યાર્થીની ગૃપમાં કે વ્યકિતગત રીતે પરિસરના કોઈપણ સ્ટાફ સાથે ફોટો પડાવવા ઈચ્છતી હશે તો તેની છુટ રહેશે પરંતુ સ્ટાફ અને સ્ટુડન્ટસ યુનિફોર્મમાં હોવા જરૂરી રહેશે.

જોઈન્ટ રૂમ મનાઈ :– સંકુલની વિદ્યાર્થીનીઓ અને સ્ટાફને સંકુલની બહાર રૂમ રાખીને સાથે રહેવાની પ્રથા નથી.

અધુરા રૂમ રી–પેક :– બીજા સત્રની શરૂઆત થયેલ હોય હોસ્ટેલમાં જ્યાં–જ્યા અધુરા રૂમ હોય ત્યાં અધુરા રૂમની વિદ્યાર્થીનીઓએ આપસમાં ફેરફાર કરી તમામ રૂમ પેક કરવા. પેક થવામાં માત્ર એક જ રૂમ અધુરો રહી શકે બાકી તમામ રૂમ પેક થવા ફરજીયાત રહેશે. ગૃહમાતાઓએ આ કાર્ય પુર્ણ કરી વોર્ડન આફીસને જાણ કરવી અને જ્યાં વિદ્યાર્થીનીઓ આપસમાં ફેરફાર ન કરે ત્યાં ગૃહમાતાઓએ ચીઠ્ઠી નાંખી ફેરફાર કરવા.

હોસ્ટેલ શિસ્તભંગ રૂમ વ્યવસ્થા :– હોસ્ટેલમાં જે રૂમમાં નિયત સંખ્યાથી વધુ સંખ્યા રહેતી અથવા સુતી હશે તો તે શિસ્તભંગ રૂમ ગણાશે. જ્યારે અન્ય રૂમમાં કોઈ કારણે સંખ્યા ઘટશે ત્યારે ઉપરોક્ત શિસ્તભંગ રૂમમાંથી તેમા ટ્રાન્સફર કરવાની પ્રથા રહેશે. તેજ પ્રમાણે તોફાની રૂમ ને પણ શિસ્તભંગ રૂમ ગણવામાં આવશે.

બિસ્તર બર્તન :– છાત્રાલયમાં પલંગ, ગાદી, ઓશિકુ, ડોલ, ટમલર, થાળી વાટકો, ગ્લાસ, ચમચી, વગેરે સંસ્થા તરફથી આપવામાં આવશે. પરંતુ એક ઓઢવા માટેનો ચોરસો, ઓછાડ ઓશીકાનું કવર વગેરેની કિંમત વિદ્યાર્થીનીએ ચુકવવાની રહેશે. અને તે વસ્તુઓ વર્ષના અંતે ઘેરે લઈ જઈ શકશે

રીપીટર–બહારના પરીક્ષાર્થી :– હોસ્ટેલની વિદ્યાર્થીનીઓને બોર્ડ, યુનિ. ની પરિક્ષાના દિવસોમાં ખલેલ ન પહોંચે તે હેતુસર આ સંસ્થાની રીપીટર તરીકે પરીક્ષા આપનાર વિદ્યાર્થીનીઓને ગેસ્ટ હાઉસમાં પ્રવેશ આપવામાં આવશે તેઓ હોસ્ટેલમાં રહી શકશે નહિ. તેઓને તેમના પહેલા પેપરથી છેલ્લા પેપર સુધીનો ચાર્જ એડવાન્સમાં ભરવાનો રહેશે. તમામ દિવસો ગેસ્ટ હાઉસમાં રહેવું ફરજીયાત રહેશે. વચ્ચેના ખાલી દિવસોમાં ઘેર જઈ શકશે નહિ. સંસ્થાની વિદ્યાર્થીનીઓનો રહેવા–જમવાનો ચાર્જ દરરોજના રૂા. ૭૫ લેખે રહેશે. સામાન્ય રીતે બહારની વિદ્યાર્થીનીઓને રહેવા દેવામાં આવશે નહિ. આમ છતાં ખાસ સંજોગોમાં કોઈ વિદ્યાર્થીનીને છુટ આપવામાં આવશે તો તેમણે દરરોજના રૂા. ૧૫૦ લેખે ચાર્જ એડવાન્સમાં ભરવાના રહેશે.

હિન્દી – અંગ્રેજી ની ટેવ :– દર મહિનાની આખર તારીખે વહેલી સવારથી મોડી રાત્રી સુધી સંકુલ પરિસરમાં છાત્રાલયની વિદ્યાર્થીનીઓ વર્ગખંડ શિક્ષણ સિવાયનાં સમયે આપસમાં અંગ્રેજી મિડીયમની વિદ્યાર્થીનીઓ અંગ્રેજીમાં અને બાકીની વિદ્યાર્થીનીઓ ને હિન્દીમાં વાતચીત કરવાનું ધોરણ રાખશે. સંસ્કૃત વિષય ભણતી કોલેજની વિદ્યાર્થીનીઓ સંસ્કૃતમાં વાતચીતનું ધોરણ રાખે તે ઈચ્છનીય છે.

સ્પોન્સર્ડ :– છાત્રાલયની જે વિદ્યાર્થીનીને જે સ્પોન્સર તરફથી નાણાંકીય સહાય મળતી હોય તેમણે તે સ્પોન્સર ને સંબાંધી દરેક કવાટરને અંતે નીચેનીવિગત દર્શાવતા પત્રલખી ગૃહમાતા મારફત રેકટરને પહોંચાડવો ખૂબ જ જરૂરી છ આગળની પરિક્ષાના વિષય વાઈઝ મેળવેલ માર્કસ અને પરિણામની વિગત. કવાર્ટર દરમિયાન વર્ગમાં અને ટેસ્ટમાં હાજરીની નિયમીતતાની વિગત સહ અભ્યાસીક પ્રવૃતિમાં લીધેલ ભાગની વિગત. સ્પોન્સર જો નજીકનાં કે દૂરનાં સગા થતાં હોય તો તેની વિગત. વિદ્યાર્થીનીને સ્પોન્સર તરફથી મળેલ નાણાંકીય સહાયની વિગત વિદ્યાર્થીનીનાં પોતાના કુંટુંબની આર્થિક સ્થિતિની વિગત.

ઝરૂખો :– છાત્રાલયની બહારનાં ગ્રાઉન્ડ તરફનાં ઝરૂખાનાં ઉપયોગ વિદ્યાર્થીનીઓ બહુજ સમજદારી પૂર્વક કરે તે ઈચ્છનીય છે. બહારનાં ગ્રાઉન્ડ પરનાં લોકોની બેસ ઉઠ અને ઝરૂખાનો ઉપયોગ બંને બાબત ખૂબજ સેન્સીટીવ છે. ઝરૂખાનાં રૂમની વિદ્યાર્થીનીઓ જાતે કાળજી રાખશે અને બીજા રૂમની વિદ્યાર્થીનીને કાળજી રખાવશે. આ બાબતની વ્યકિતગત ગતિવિધિ છાત્રાલયની સંયુકત આબરૂને અસર કરે છે.

રૂમ કેપેસીટીથી વધુ બેડ નહી :– જે–તે હોસ્ટેલમાં જે–તે રૂમ માટે નિયત થયેલ પલંગની સંખ્યાથી વધારાની પલંગ રાખવાથી પ્રથા નથી. દરેક વિદ્યાર્થીનીએ પોતપોતાની પલંગમાં સુવુ ફરજીયાત છે. નીચે બેડ રાખીને સુવાની પ્રથા નથી. કોઈ પણ વિદ્યાર્થીનીને પોતાની બેડ અન્ય રૂમમાં નીચે રાખી એડીશનલ વિદ્યાર્થીની તરીકે રહેવાની પ્રથા નથી.

બહારનું કેન્દ્ર – રીટર્ન ટાઈમ :– હોસ્ટેલની વિદ્યાર્થીનીઓને ખાસ વિનંતિ કે, બોર્ડ યુનિવર્સીટી પરીક્ષા વખત બપોર પહેલાના પેપરના સ્ટુડન્ટસને માટે બપોરની જમવાની વ્યવસ્થા ૧:૩૦ થી ૩:૦૦ સુધીની રહેશે. અને બપોર પછીનાં પેપરનાં સ્ટુડન્ટસ માટે સાંજની જમવાની વ્યવસ્થા ૬:૦૦ થી ૭:૩૦ સુધીની રહેશે. હોસ્ટલની વિદ્યાર્થીનીઓ બપોર અને સાંજનાં પેપર બાદ બહુજ લેઈટ આવતી હોવાની સ્ટાફની ફરીયાદ છે, જે સંસ્થા અને સ્ટુડન્ટસ બન્ને માટે શોભાસ્પદ નથી અને વાલીશ્રીઓ પણ નારાજ થાય છે. ગેઈટ પર પેપર બાદ એક કલાકમાં પહોંચવું ફરજીયાત રહેશે. લેઈટ આવનારને માટે ગેઈટ પર વાલીશ્રીને પોસ્ટકાર્ડ લખાવવુ ફરજીયાત રહેશે અને બહુજ લેઈટ આવનારને માટે પ્રવેશ અટકાવવામાં આવશે. લેઈટ આવનાર માટે જમવાની વ્યવસ્થા રહેશે નહી. બહાર પેપર આપવા જનાર અંદર આવતી વખતે કોઈ ખાદ્યચીજ સાથે લાવશે નહી અને લાવશે તો તે તમામ ગેઈટ પર લઈ લેવામાં આવશે અને પ્રાથમિકનાં સ્ટુડન્ટસ વચ્ચે વહેચી દેવામાં આવશે. બહારનાં કેન્દ્રમાં અને જતી–આવતી વખતે રસ્તામાં વિદ્યાર્થીનીઓ શિસ્તબધ્ધ રીતે વર્તશે.

શિતળા સાતમ પ્રસાદી :– પ્રથમ શિતળા સાતમનાં રોજ સવારનાં નાસ્તા વખતે સાથો સાથ શીતળા સાતમની પ્રસાદી કુલરની વ્યવસ્થા રહેશે. ભોજનાલય સ્ટાફ વહેલી સવારે પાણીયારે કુલર જારીને વિદ્યાર્થીનીઓને વહેંચવાની વ્યવસ્થા ગોઠવશે.

૨૫૨ – કેમ્પસ વ્યવસ્થા સિલેકટેડ સુચનાઓ – A 2

પ્રાયોગિક પરીક્ષા – ફુલ & હાફ DL :– પ્રાયોગીક પરીક્ષા અર્થે જનાર સ્ટાફને DL ની પ્રથા રહેશે. બહારની યુનીવર્સિટીમાં આવા કાર્ય અર્થે જનારને DL ની પ્રથા રહેશે નહી. સ્ટાફનાં માન્યતા પ્રાપ્ત વિષય પુરતીજ ફુલ DL ની પ્રથા રહેશે. માન્યતા પ્રાપ્ત વિષય સિવાયનાં વિષય માટે હાફ DL ની પ્રથા રહેશે. સંસ્થાનો સ્ટાફ સંસ્થાની પ્રાયોગીક પરીક્ષા માટે નિયુક્ત થયેલ હશે, તો તે DL ને પાત્ર ગણાશે પરંતુ મહેનતાણું ચુકવવાની પ્રથા રહેશે નહી.

સ્ટાફ NOC ઈશ્યું :– કોઈપણ ટીચીંગ સ્ટાફને તેમની ડીમાન્ડ પ્રમાણે NOC ઈશ્યું કરવામાં આવશે. એક વખત NOC ઈશ્યું થયા બાદ તે રદ થઈ શકશે નહી. NOC ઈશ્યું થયા બાદ સંસ્થા ગમે ત્યારે કોઈપણ પ્રકારની આગોતરી જાણકારી કર્યા વગર જે તે સ્ટાફને છુટા કરી શકશે. સંસ્થામાં જે કોઈ ટીચીંગ સ્ટાફ NOC મેળવવા માંગતો હોય તેમણે સંસ્થામાં એક માસનો એડવાન્સ પગાર જમા કરાવવાની પ્રથા રહેશે. પગાર જમા થયા બાદ જ NOC આપવામાં આવશે.

પડોશીઓના નામ સરનામા કોન્ટેક નંબર :– અમરેલી શહેરમાં રૂમ રાખીને એકલા રહેતા મેરીડ કે અનમેરીડ સંસ્થાનાં તમામ કર્મચારીઓએ તેમના નજીકનાં પડોશી સંબંધ ધરાવતા બે પડોશીઓનાં નામ સરનામા અને કોન્ટેક નંબર સંસ્થામાં નોંધાવવા જરૂરી રહેશે. એકલા એટલે કે ફેમિલી શિવાયનાં અન્ય કોઈ રૂમ પાર્ટનર સાથે રહેતા કર્મચારી એકલા ગણાશે. આ અંગેનું રજીસ્ટર પ્લાઝા ગૃહમાતા મેઈન્ટેઈન કરશે અને તેમા આજથી જ એન્ટ્રી કરવી શરૂ થશે. સંસ્થા કોઈ ઈમરજન્સી કાર્ય અર્થે પડોશીઓનો સંપર્ક સાધી શકે તે હેતુસર આ રજીસ્ટર રહેશે.

ટીચીંગ સ્ટાફ – મુલાકાતી વ્યવસ્થા :– સંકુલ પરિસરમાં નિવાસી સ્ટાફને મળવા આવનાર વ્યકિતની મુલાકાત પ્લાઝા સ્કવરમાં કરવાની પ્રથા છે. તવીં જ રીતે ટીચીંગ સ્ટાફ માટે પણ તેવી વ્યવસ્થા રહેશે. એટલે કે પ્લાઝા ગૃહમાતા ટીચીંગ સ્ટાફને પ્લાઝા સ્કવેરમાં બોલાવી મુલાકાતી સાથે મુલાકાત કરાવશે તેઓને અંદર મળવા જવા દેવાની પ્રથા નથી. તેવી જ રીતે વહીવટીય સ્ટાફને કોઈ મળવા આવે તો એન્ટ્રી કીપર પહેલા જે તે વહીવટીય સ્ટાફ સાથે ફોન પર વાત કરાવશે અથવા તો સ્ટાફનાં કહેવાથી મુલાકાતીને અંદર મળવા જવા દેવા માટે ગેઈટ પાસ આપશે. ટીચીંગ સ્ટાફનું મુલાકાતી એન્ટ્રી રજીસ્ટર પ્લાઝા ગૃહમાતા મેઈન્ટેન કરશે જ્યારે વહીવટીય સ્ટાફનું મુલાકાતી એન્ટ્રી રજીસ્ટર દરેક વિભાગમાં રહેશે અને જે તે વહીવટીય સ્ટાફ તેમાં તેની એન્ટ્રી કરશે.

માહિતિની ગુપ્તતા જાળવણી :– સંસ્થાનાં તમામ વિભાગની માહિતિ ટેલીફોન ઓપરેટર, ગેઈટ એન્ટ્રીકિપર અને ટપાલ વિભાગમાંથી પસાર થતી હોય છે. તેથી આ વિભાગનાં કન્સર્ડ સ્ટાફની માહિતિની ગુપ્તતા જાળવવાની ફરજ છે. આ બાબતમાં ફરજચુકએ શિસ્તભંગ ગણાશે.

નોન ટીચીંગ – તહેવાર રજાઓ :– નોન ટીચીંગ સ્ટાફ માટે જાહેર તહેવારની રજા નીચે પ્રમાણે રહેશે. ભીમ અગિયારસ – ૧ દિવસ – જે તે દિવસે જન્માષ્ટમી – ૨ દિવસ – સાતમ, આઠમ દિવાળી – ૪ દિવસ – ચૌદસ, દિવાળી, બેસતુ વર્ષ, ભાઈ બીજ સંક્રાત – ૧ દિવસ – જે તે દિવસે ધૂળેટી – ૧ દિવસ – જે તે દિવસે એમ મળી કુલ ૯ રજા આપવામાં આવશે આ સિવાયની કોઈ રજા રહેશે નહી.

લેડીઝ–જેન્ટ્સ સ્ટાફ – ટેલીફોનિક "તુ" સંબોધન વાંધાજનક :– સંકુલનાં ટીચીંગ–નોનટીચીંગ–નિવાસી–વહીવટીય–ટેકનીકલ વિગેરે લેડીઝ જેન્ટ્સ સ્ટાફ વચ્ચે ટેલીફોનિક "તુ" સંબોધન વાંધાજનક છે. તેમા પણ જાહેરમાં "તમે" સંબોધન અને ટેલીફોનમાં "તુ" સંબોધન કરવુ કે સ્વીકારવું શિસ્તભંગ ગણાશે. જે તે લેડીઝ – જેન્ટ્સ સ્ટાફ વચ્ચે જે દિવસે જાહેરમાં "તમે" સંબોધન અને ટેલીફોનમાં "તુ" સંબોધન કરેલ કે સ્વીકારેલ હશે તેમણે Next Day થી One Week LWP રહેવું યા વાલીશ્રીનું માફી પત્ર રજુ કરવું ફરજીયાત રહશે. પતિ–પત્નિ, સગા ભાઈ–બહેન અને પિતા–પુત્રી સ્ટાફને ઉપરોકત બાબત લાગુ પડતી નથી.

સ્થાનીક સ્પર્ધા – ભાગ લેવા, જોવા નિયંત્રણ :– સંસ્થાની સાહિત્યીક, ગીતસંગીત, સાંસ્કૃતિક, ખેલકુદ અને કલા સ્પર્ધામાં જે તે સ્કુલ–કોલેજ ની વિદ્યાર્થીની પોતાની સ્કુલ–કોલેજ શિવાય અન્ય કોઈ સ્કુલ–કોલેજ ની સ્પર્ધામાં ભાગ લઈ શકે નહી. જે તે વિભાગમાં કવર થતી સ્કુલ–કોલેજ ની સ્પર્ધા વખતે જે તે વિભાગમાં કવર થતી સ્કુલ–કોલેજની વિદ્યાર્થીનીઓ શિવાય અન્ય કોઈ વિભાગની વિદ્યાર્થીની સ્પર્ધા નિહાળી શકે નહી. જો કે શાળાકીય સ્પર્ધા મહિલા ઓપન કે જીલ્લા ગરબા સ્પર્ધા વિગેરેમાં ભાગલેવા ટીમ બનાવવા બાબત ઉપરોકત નિયમ માં છુટ છાટની પ્રથા રહેશે. એટલે કે શાળાકીય સ્પર્ધા રેગ્યુલર અને યુનિવર્સિટી સ્પર્ધા રેગ્યુલરમાં ભાગલેવા ટીમ બનાવવા બાબત કોઈ છુટછાટ રહેશે નહી.

૧૦–૧૫ વર્ષ સ્ટુડન્ટ્સ – સિલ્વર મેડલ પુરસ્કાર :– સંકુલની હોસ્ટેલમાં ધો. ૧ થી PG નાં કોઈપણ સ્ટુડન્ટ્સ એકધારાં વિધાઉટ બ્રેક ૧૦ વર્ષ રહ્યા હોય તેમને સિલ્વર મેડલથી પુરસ્કૃત કરવામાં આવશે. તે જ પ્રમાણે સંકુલની સ્કૂલ–કોલેજમાં ધો. ૧ થી PG સુધીનાં કોઈપણ સ્ટુડન્ટ્સ એકધારા વિધાઉટ બ્રેક ૧૫ વર્ષ ભણ્યા હોય તેમને પણ સિલ્વર મેડલથી પુરસ્કૃત કરવામાં આવશે. આ બાબતમાં બાલમંદિરને ધ્યાને લેવામાં આવશે નહી. વચ્ચેનાં ગાળામાં એક ટર્મ પણ છોડી હશે તો તે કોન્સ્ટન્ટની વ્યાખ્યામાં આવશે નહી.

ફરજ સમય – પર્સનલ કોમ્પ્યુટર વર્ક પ્રતિબંધીત :– ફરજ સમય દરમીયાન પર્સનલ કોમ્પ્યુટર વર્ક કરવાની પ્રથા નથી. એટલે કે ફરજ સમય પહેલા કે પછી પર્સનલ કોમ્પ્યુટર વર્ક કરવું વાંધાજનક નથી. ઉપરોકત બાબત ટીચીંગ – નોન ટીચીંગ તમામ સ્ટાફને લાગુ પડે છે. એટલે કે પ્યુન થી સ્થાનીક વ્યવસ્થાપક સુધી તમામને લાગુ પડે છે.
આમ છતાં પોતાના ઘરનું પ્રસંગોપાતનું કોઈ કાર્ય થાય તો તે વાંધાજનક નથી. પરંતુ વ્યાવસાયીક, ધંધાદારી, જોબશોધ, શેર બજાર, ટાઈમપાસ, પર્સનલ નોલેજ વિગેરે અર્થે કોઈ કાર્ય થઈ શકે નહી. ફરજ સમય દરમીયાન સંસ્થાનું જ વર્ક થઈ શકે તેમજ ટીચીંગ આપતા પૂર્વેની તૈયારીનું જ વર્ક થઈ શકે. સૌને નિયમપાલન વિનંતી છે. સૌનાં સુચન આવકાર્ય છે.

કોલેજ સ્ટડી ટુર – બ્લેઝર યુનિફોર્મ :– વહેલી સવારે ઉપડતી કોલેજની સ્ટડી ટુરમાં જ્યાં બ્લેઝર યુનિફોર્મ છે તેમણે બ્લેઝર યુનિફોર્મ પહેરવો ફરજીયાત રહેશે. જ્યાં બ્લેઝર યુનિફોર્મ નથી તેઓ બ્લેઝર યુનિફોર્મમાં સ્ટડી ટુરમાં જઈ શકે નહી (એટલે કે માંગીને) પરંતુ તેમણે વ્હાઈટ પંજાબી યુનિફોર્મ પહેરવો ફરજીયાત રહેશે. જેમને બ્લેઝર યુનિફોર્મ છે તેઓની રાત્રે ઉપડતી સ્ટડી ટુરમાં બસમાં કોલેજનો પંજાબી વ્હાઈટ યુનિફોર્મ પહેરે અને સવારથી બ્લેઝર યુનિફોર્મ પહેરે તો તે વાંધા જનક નથી.

પ્રોપરચેનલ સર્વિસ એપ્લિકેશન સ્પષ્ટતા :– સંસ્થાનાં કોઈપણ વર્તમાન કર્મચારી ગર્વમેન્ટ, સેમી ગર્વમેન્ટ, કંપની, કોર્પોરેશન કે અન્ય કોઈપણ સંસ્થામાં સર્વિસ અર્થે એપ્લાય થાય તો તે વાંધા જનક નથી. પરંતુ આવી અરજી તેમણે જાતે જ કરવાની રહે તેમાં સંસ્થાની કોઈ ભૂમિકાની પ્રથા નથી. એટલે કે આવી અરજી સંસ્થા મારફત યાને કે પ્રોપરચેનલ મોકલવાની પ્રથા નથી કે આવી અરજીમાં સંસ્થાએ તેની કરેકટનેશ કે અન્ય કોઈ બાબત અંગે ખાત્રી દર્શક સહી સીક્કા કરવાની પ્રથા નથી. આમ છતા આવી અરજીમાં સંસ્થાનાં NOC, Experience કે Salary બાબતનાં કોઈ પ્રમાણપત્ર અલગ રીતે દર્શાવેલ હોય અને તે અરજીની બીજી બાબત સાથે કનેકટ ન હોય તો તેવા પ્રમાણપત્રમાં સહી સીક્કા કરી આપવાની પ્રથા છે. જો કે તેવા પ્રમાણપત્રનો ડ્રાફટ સંસ્થા દ્વારા સંસ્થાનાં લેટરહેડમાં અપાતા આ પ્રકારનાં સર્ટીફીકેટનાં ડ્રાફટ સાથે સુસંગત હોવો આવશ્યક છે યાને કે વિસંગત હોવો જોઈએ નહી.

૨૫૩ – કેમ્પસ વ્યવસ્થા સિલેકટેડ સુચનાઓ – B 1

વિદ્યાર્થીનીને આમંત્રણ :– સ્કુલ–કોલેજનો સ્ટાફ પોતાના કોઈ પ્રસંગ નીમીતે છાત્રાલયની વિદ્યાર્થીનીને જમાડવા ઈચ્છતો હશે, તો તેમણે પોતાની સ્કુલ કે કોલેજનાં તમામ વર્ગની છાત્રાલયની તમામ વિદ્યાર્થીનીને નિમંત્રણ આપવાનું થશે. વિદ્યાર્થીનીઓ માત્ર જમણવારીમાં હાજરી આપશે. બાકીના પ્રસંગમાં નહી. નિમંત્રણ વોર્ડન આફીસ મારફત જશે. સાથે છાત્રાલયના એક ગૃહમાતા જોડાશે. ચાંદલો, વાસણ કે ભેટ આપવાની પ્રથા રહેશે નહી.

ટીફીન :– છાત્રાલયની વિદ્યાર્થીનીને બહારના ટીફીન મંગાવવાની છૂટ રહેશે નહી અને સંકુલ પરિસરનો કોઇ પણ સ્ટાફ વિદ્યાર્થીની માટે બહારથી ટીફીન લાવશે નહી.

અવર જવર નિયંત્રણ :– સીટી અને હોસ્ટેલની વિદ્યાર્થીઓ રજાઓ અને વેકેશનમાં ઓફીસ કામ સિવાય કેમ્પસમાં આવી શકે નહી અને કેમ્પસમાં હરીફરી શકે નહી કે બેસી શકે નહી. વેકેશન અને રજાઓમાં સ્ટાફનાં ફેમીલી મેમ્બરને સામાન્ય રીતે ખાસ કામ શિવાય કેમ્પસમાં આવવા જવાની પ્રથા નથી.

પ્રશ્નની રજુઆત અને નિકાલ :– સંકુલ પરિસરનાં સ્ટાફ અને સ્ટુડન્ટસનાં કોઈપણ પ્રશ્નનો સિધ્ધિ અને સરળ રીતે ઉકેલ ઈચ્છનીય છે. આ માટે પ્રોપર ચેનલની પ્રથા છે. આમ છતાં સમય સંજોગો અને પરિસ્થીતિ પ્રમાણે ગમે તે લેવલે ડાયરેકટ રજુઆતની કોઈ બંધી નથી. પ્રશ્નની રજુઆત ઓરલી અને ઉકેલ એટએ મોમેન્ટ પણ હોય શકે તેમજ કોઈપણ સ્થળે અને કોઈપણની હાજરીમાં પણ હોય શકે. પ્રશ્ન રજુઆતની રાહ જોતો દબાયેલો ન રહેવો જોઈએ કે ઉકેલની આંટીઘુટીમાં ફસાયેલ ન રહેવો જોઈએ. સંસ્થામાં પ્રશ્ન ઉભો થાય કે તુરતજ તેનો ઉકેલ થી અંત આવે તે જરૂરી છે.

ફંકશન પ્રાર્થનાં અને રાષ્ટ્રગીતથી :– સ્ટાફ અને સ્ટુડન્ટની હાજરીવાળા સંકુલનાં તમામ ફંકશન પ્રાર્થનાથી શરૂ થશે અને રાષ્ટ્રગીતથી પૂર્ણ થશે. પ્રાર્થના બેઠા બેઠા હાથ જોડીને આંખ મીચીને સમુહમાં ગાવાની પ્રથા રહેશે. રાષ્ટ્રગીત ઉભા ઉભા સાવધાનની પોજીશનમાં સમૂહમાં ગાવાનું રહેશે. સ્ટાફ અને વિદ્યાર્થીનીની હાજરીવાળા ફંકશનમાં વિદ્યાર્થીનીઓ ઇતની શકિત પ્રાર્થનાં બોલવાનું ધોરણ રાખશે. જ્યારે માત્ર સ્ટાફની હાજરીવાળા ફંકશનમાં સ્ટાફ ઓમતૂતસતથી પ્રાર્થનાં બોલવાનું ધોરણ રાખશે.

શિસ્ત ભંગ વોર્નીંગ :– સંસ્થાનાં પરિસરમાં પાર્ક કરવામાં આવતા વાહનોમાંથી કેટલાકની હવા કાઢી નાંખવી કે અન્ય રીતે નુકશાન કરવાની ચેષ્ટા સ્ટુડન્ટ્સ દ્વારા કરવામાં આવે છે. વર્ગદર્શક બોર્ડની અદલબદલ કરીને મજાક કરવામાં આવે છે અથવા તો ગુમ કરી દેવામાં આવે છે. વીજળીના મેઈન સ્વીચ બોર્ડ ઓફ કરીને અમુક ડિવીઝનોની વીજળી ખોરવી નાંખવામાં આવે છે. દિવાલો પર લગાવવામાં આવેલા વિવિધ નોટીસબોર્ડોને પણ નુકશાન કરવામાં આવે છે. રાત્રિકલાસ દરમિયાન પણ વિવિધ પ્રકારે નુકશાન કરવાનાં કિસ્સા નોંધાયેલ છે. સ્ટુડન્ટ્સ દ્વારા આ અને આવા પ્રકારની જે ચેષ્ટા થાય છે તે શિસ્તભંગ છે અને તેના પર કડક વોચ ગોઠવવામાં આવી છે જે વિદ્યાર્થીની આવા પ્રકારની ગેરશિસ્ત આચરતા ઝડપાશે તેને સીધું જ LC ઈશ્યુ કરી દેવામાં આવશે અને તે અંગેની કોઈ રજૂઆત સાંભળવામાં આવશે નહી જેની નોંધ લેવી.

હોસ્ટેલ પ્રાર્થના :– હોસ્ટેલમાં દરરોજ ઈતની શકિત દે ..... એકજ પ્રાર્થના ગાવાની પ્રથા રહેશે. સ્કૂલ –કોલેજની જેમ દરરોજ અલગ– અલગ પ્રાર્થના ગાવાની પ્રથા રહેશે નહી. સ્કૂલ કોલેજ ના ફંકશનમાં ઈતની શકિત દે ..... પ્રાર્થના ગાવાની પ્રથા રહેશે. કોઈપણ હોસ્ટેલ પોતાની રીતે કોઈપણ દિવસે પ્રાર્થના બદલી શકશે નહી.

મતદાનનાં દિવસની વ્યવસ્થા :– મતદાનનાં દિવસે સ્કુલ કોલેજ રાબેતા મુજબ ચાલું રહેશે. લોકસભા કે ધારાસભામાં કોલેજની હોસ્ટેલની મતાધિકાર ધરાવતી વિદ્યાર્થીનીને મતદાનનાં આગલા દિવસે સાંજે રજા જોઈતી હશે તો મળશે જે મતદાનનાં વળતા દિવસે સ્કુલ–કોલેજ સમય પહેલા પરત ફરવું ફરજીયાત રહેશે. મતાધિકાર સિવાયની વિદ્યાર્થીનીઓને રજા મળશે નહી મતદાન માટે જવાનું સ્વેચ્છીક છે ફરજીયાત નથી. સીટીની વિદ્યાર્થીનીઓ સવારે મતદાન કરીને આવશે આમ છતાં બાકી રહી ગયુ હશે તો તેમને રીસેસ પછી જવાની છૂટ રહેશે. સીટીનાં સ્ટાફ રીસેસ દરમીયાન મતદાન કરવા જઈ શકશે જેમાં પરત ફરવામાં થોડું વહેલા મોડું થાય તો તે ચાલશે. બહાર ગામનો સ્ટાફ મતદાન કરીને આવશે જેમા આવવામાં થોડું વહેલા મોડું ચાલશે.

ખુલ્લાં માથે સલામી નહી :– સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસતાક દિન ધ્વજ લહેરાવતી વખતે એટલેકે ધ્વજને સલામી આપતી વખતે સૌ કોઈ લેડીઝ સ્ટાફ માથે સાડી કે ઓઢણી ઓઢશે. તેજ પ્રમાણે કોલેજ ની તમામ સ્ટુડન્ટ્સ પણ માથે સાડી કે ઓઢણી ઓઢશે. તેજ રીતે સૌ કોઈ જેન્ટ્સ સ્ટાફ પણ માથે ટોપી ઓઢશે. ટોપી એટલે કે સફેદ ગાંધી ટોપી જે ખાદી કે ટેરીન હોઈ શકે. જે સ્ટાફ પાસે આવી ટોપી ન હોય તેને સંસ્થા પ્રસંગ પુરતી વ્યવસ્થા કરી આપશે. KG થી ધો. ૧૨ સુધી નાં સ્ટુડન્ટ્સને માથે ઓઢવામાં મુકિત રહેશે અને તેઓ ધ્વજને સલામી આપશે નહી પરંતુ સાવધાન પોજીશન માં રહેશે.

સીટી સ્ટુડન્ટ્સ – અનિયમિતતાનું વાલીશ્રીને રીપોર્ટીંગ :– સીટીની વિદ્યાર્થીનીએ સ્કુલ કોલેજ ખૂલતા સમયે કેમ્પસમાં આવી જવુ જરૂરી રહેશે. ૧૦ મિનીટથી વધુ લેઈટ પડનાર વિદ્યાર્થીનીએ લેઈટ પડવાનું કારણ દર્શાવતું પોસ્ટકાર્ડ લખી વાલીશ્રીનું સરનામું કરી ગેઈટ પર આપવું જરૂરી રહેશે. ગેઈટ કીપર આવા પોસ્ટકાર્ડને કલેકટ કરી રજીસ્ટરે નોંધી પોસ્ટ કરશે. ખાસ કારણસર વહેલા નીકળવા માટે ગૃહમાતા પાસેથી ગેઈટ પાસ મેળવવો અને સીક્યુરીટીને આપવો જરૂરી રહેશે. આવા ગેઈટ પાસ માટે વહેલા જવાનું કારણ દર્શાવતું પોસ્ટકાર્ડ લખી વાલીશ્રીનું સરનામું કરી ગૃહમાતાને આપવાનું રહેશે. ગૃહમાતા આવા પોસ્ટકાર્ડ રજીસ્ટરે નોંધી પોસ્ટ કરશે. સીટીની ગેરહાજર વિદ્યાર્થીની નેકસ્ટ–ડે ગેરહાજરીનું કારણ દર્શાવતું પોસ્ટકાર્ડ લખી વર્ગ શિક્ષકને આપશે, વર્ગ શિક્ષક કો–ઓર્ડીનેટર મારફત વાલીશ્રીને પોસ્ટ કરશે. હાજરી પત્રક એ જ આ માટેનું રજીસ્ટર ગણાશે જેમાં વર્ગ શિક્ષક ટીકમાર્ક કરશે. આ પ્રથા ધો. ૮ થી PG સુધીની સીટીની વિદ્યાર્થીનીને લાગુ પડશે વાલીશ્રી સાથે હશે તો પણ ઉપરોકત ફોર્મલીટી પૂર્ણ કરવી જરૂરી રહેશે. સીટીની વિદ્યાર્થીનીમાં રૂમ રાખીને રહેતી કે અપડાઉન કરતી વિદ્યાર્થીનીનો સમાવેશ થાય છે. પોસ્ટકાર્ડની વ્યવસ્થા સંસ્થા તરફથી વિના મૂલ્યે થશે.

હંગામી – માનદવેતન પ્રમાણપત્ર પ્રથા :– કોઈપણ પ્રોફેશનલ કોલેજનું ભવિષ્ય ફૂલફલેઝડ પરમેનન્ટ કહી શકાય નહી જેમાં સંકુલની B.Ed., PTC, M.Ed., MBA અને ફાર્મસી કોલેજનો તેમજ તમામ સ્કૂલનો પણ સમાવેશ થાય છે. તેથી પ્રોફેશનલ કોલેજનો સ્ટાફ પણ ફૂલફલેઝડ પરમેનન્ટ કહી શકાય નહી તેથી પરમેનન્ટનો ઓર્ડર કે પરમેનન્ટ તરીકેનું એક્સપીરીયન્સ સર્ટીફીકેટ આપવાની પ્રથા નથી. તે જ રીતે કોઈપણ સેલ્ફ ફાયનાન્સ પ્રોફેશનલ કોલેજ જેમાં સંકુલની કોલેજનો પણ સમાવેશ થાય છે તે સંપૂર્ણ પણે તમામ ધારાધોરણ મુજબની તમામ સ્ટાફને લોગ લાઈફ સેલરી પેઈડ કરી શકે નહી તેથી સેલરી સર્ટીફીકેટમાં સેલરીને માનદ વેતન તરીકે દર્શાવવાની પ્રથા છે.

લેબોરેટરી – નાસ્તા પ્રતિબંધ :– સંકુલમા રહેલ તમામ ડીપાર્ટમેન્ટની લેબોરેટરીમાં ટીચીંગ – નોનટીચીંગ સ્ટાફ કે સ્ટુડન્ટસે નાસ્તા કરવાની કે જમવાની પ્રથા નથી. તેમજ લેબ આસીસ્ટન્ટ તથા લેકચરર્સને લેબોરેટરીમાં લેપટોપ લાવવાની મનાઈ છે. ચાલું પ્રેકટીકલ દરમિયાન કે રીસેસમાં લેબમાં ટીચીંગ સ્ટાફે લેબ આસીસ્ટન્ટ સાથે બેસવાની પ્રથા નથી. તેમજ ટીચીંગ સ્ટાફ ફ્રી તાસમાં કે રીસેસમાં સ્ટાફરૂમમાં બેસવાનું ધોરણ રાખશે નહી કે લેબમાં. અને લેબ આસીસ્ટન્ટ ફ્રી તાસમાં કે રીસેસમાં લેબમાં બેસવાનું ધોરણ રાખશે.

LWP - VWP:– દરેક સ્ટાફને LWP (લીવ વીધાઉટ પે) નહી લેવા વિનંતિ છે LWP થી શૈક્ષણિક કાર્યને ખલેલ પહોંચે છે. નવી વ્યવસ્થા કરી શકાતી નથી તેમની રાહમાં અને રાહમાં વ્યવસ્થા ખોરંભાયેલી રહે છે. જે તે ક્વાર્ટરમાં જેટલી LWP હશે તેના પ્રમાણમાં જે તે ક્વાર્ટરને અંતે આવતી મીડટર્મ કે વેકેશન તેટલા પ્રમાણમાં રીડયુસ થશે. એટલે કે જે તે ક્વાર્ટરનાં વર્કીંગ ડે નાં જેટલા ટકા LWP હશે તેટલા ટકા વેકેશન–મીડટર્મ ઓછું મળશે એટલે કે તેટલા ટકા વેકેશન–મીડટર્મમાં VWP(વેકેશન વિધાઉટ પે) ગણાશે.

ટીચીંગ–નોનટીચીંગ લેડીઝ સ્ટાફ યુનિફોર્મ :– ટીચીંગ–નોનટીચીંગ લેડીઝ સ્ટાફ માટે યુનિફોર્મની નીચે પ્રમાણે પ્રથા રહેશે. સોમ–મંગળ સાડી યુનિફોર્મ, બુધ સાડી નોન યુનિફોર્મ (પરંતુ ડ્રેસ નહી), ગુરૂ–શુક્ર ડ્રેસ યુનિફોર્મ, શનિ ડ્રેસ નોન યુનિફોર્મ (પંજાબી–ચુડીદાર વિગેરે પરંતુ પેન્ટ–શર્ટ કે જીન્સ નહી) નોંધઃ– (૧) ડ્રેસનાં દિવસે સાડી પહેરી શકાશે પરંતુ સાડીનાં દિવસે ડ્રેસ પહેરી શકાશે નહી. (૨) ભંડાર–કેન્ટીન–મોલ–લેબ કોઈપણ સ્ટાફને સાડીનાં દિવસે ડ્રેસની છૂટ રહેશે નહી. (૩) યુનિફોર્મ પણ પેટર્ન પ્રમાણે હોવો જરૂરી રહેશે. (૪) જે દિવસે યુનિફોર્મ કે નોન યુનિફોર્મ ભંગ હશે તે દિવસે હાફ CL ગણાશે. (૫) ફંકશનનાં આગલા દિવસે યુનિફોર્મમાંથી મુક્તિ રહેશે પરંતુ ફંકશનનાં દિવસે સાડી યુનિફોર્મ ફરજીયાત રહેશે. (૬) લગ્ન પ્રસંગે સીધા જવાનાં કે લગ્ન પ્રસંગમાંથી સીધા આવવાનાં કારણે યુનિફોર્મમાં કોઈ મુક્તિ રહેશે નહી. (૭) નવા સ્ટાફે પહેલા સાડી યુનિફોર્મ શિવડાવવો ફરજીયાત રહેશે. (૮) પ્યુન અને લેબરને ઉપરોક્ત શેડયુલ લાગુ પડશે નહી. (૯) એટલે કે હાલમાં જે યુનિફોર્મ અને નોન યુનિફોર્મની પ્રથા છે તે યથાવત રહેશે.

રપક – શૈક્ષણિક વ્યવસ્થા સિલેકટેડ સુચનાઓ – A

કલેકશનઃ– સંકુલ પરિસરની વિદ્યાર્થીનીઓ સામેલ હોય તેવી કોઈપણ પ્રકારની ટુરનું તમામ કલેકશન ઓફીસનાં બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવું અને તેના ખર્ચનું તમામ પેમેન્ટ ઓફીસ મારફત કરવું ફરજીયાત છે.

સ્ટડી ટુર અલ્ટરનેટ સ્ટાફ :– સ્ટડીટુરમાં જે–તે કોલેજનાં તમામ સ્ટાફને ઓલ્ટરનેટ જોડાવાનો મોકો મળે તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવાની આચાર્યશ્રી અને કો–ઓર્ડીનેટરશ્રી ખાસ કાળજી રાખશે. એક બસમાં એક લેડીઝ અને એક જેન્ટ્સ સ્ટાફનું ધોરણ ચાલુ રહેશે. તેથી ઓછા કે વધુ સ્ટાફને જોડાવાની પ્રથા નથી.

કેન્ટીનની વસ્તુ કેન્ટીને :– બાલમંદિરથી પી.જી. કોલેજ સુધીના તમામ વિભાગની વિદ્યાર્થીનીઓ અને સ્ટાફને જાણ કરવામાં આવે છે કે કેન્ટીનની કોઈપણ ખાદ્ય ચીજ–વસ્તુનો ઉપયોગ કેન્ટીન ઉપર જ કરવો અને ત્યાંથી કોઈપણ ચીજવસ્તુ શાળા કે કોલેજ બિલ્ડીગમાં લાવવી નહિ. તેની તમામે નોંધ લેવી.

સેમીનાર – કોન્ફરન્સ વ્યવસ્થા :– ડીસ્ટન્સ ટુરમાં વિદ્યાર્થીનીઓ સાથે એક લેડીઝ અને એક જેન્ટસ સ્ટાફને ટીમ મેનેજર તરીકે સાથે જવાની પ્રથા છે. તેઓનો આવવા–જવાનો ખર્ચ સંસ્થા બેર કરે છે જ્યારે રહેવાનો ખર્ચ વિદ્યાર્થીનીઓ અને જમવાનો ખર્ચ જે તે સ્ટાફ બેર કરે છે. ઉપરોક્ત પ્રથા સેમીનાર અને કોન્ફરન્સમાં પણ લાગુ પડે છે. સ્ટાફ માત્ર ટીમ મેનેજર તરીકે સેમીનાર કે કોન્ફરન્સમાં જશે તો ઉપરોક્ત પ્રથા લાગુ પડશે. પરંતુ જો તેઓ સેમીનાર કે કોન્ફરન્સમાં પાર્ટીસીપેટન્ટ તરીકે જોડાશે તો ઉપરોક્ત બન્ને ખર્ચ જાતે બેર કરવાની પ્રથા રહેશે. આ ઉપરાંત તેની ડેલીગેશન ફીજ પણ જાતે બેર કરવાની પ્રથા રહેશે.

ભેટ – ફાળો :– સંકુલ પરિસરમાં કોઈપણ પ્રસંગ નિમીતે કોઈપણ વિદ્યાર્થીની કે સ્ટાફ એકબીજાને કોઈપણ પ્રકારની ભેટ વસ્તુ કે ખાદ્યચીજ આપી શકશે નહિ કે એકબીજા પાસેથી સ્વીકારી શકશે નહિ. સંકુલ પરિસરમાં કોઈપણ વિદ્યાર્થીની કે સ્ટાફ એકબીજાનું કેન્ટીનનું કોઈપણ પ્રકારનું પેમેન્ટ કરી શકશે નહી. સંકુલ પરિસરમાં કોઈપણ પ્રસંગ નિમીતે કોઈપણ સ્ટાફ કોઈપણ પ્રકારનો ફાળો વિદ્યાર્થીનીઓ પાસેથી ઉઘરાવી શકશે નહિ. અને કોઈપણ વિદ્યાર્થીની તેવો ફાળો આપી શકશે નહી. સંકુલ પરિસરમાં કોઈપણ પ્રસંગ નિમીતે કોઈપણ સ્ટાફ કોઈપણ પ્રકારની ભેટ વસ્તુ કે ખાદ્યચીજ કોઈપણ વિદ્યાર્થીનીઓને આપવા ઈચ્છતા હશે તો સંસ્થાની પૂર્વમંજુરીથી સંકુલ પરિસરની તમામ વિદ્યાર્થીનીઓને કે કોઈ એક કે તેથી વધુ વિભાગની તમામ વિદ્યાર્થીનીઓને મળે તેટલા જથ્થામાં તેવી ભેટ વસ્તુ કે ખાદ્યચીજ સંસ્થામાં જમા કરાવી શકશે અને તેની વિતરણ વ્યવસ્થા સંસ્થા સંભાળશે. કોઈ એક વર્ગ કે ધોરણ પુરતી વસ્તુ સ્વીકારવામાં આવશે નહિ.

મોબાઈલઃ– સંકુલ પરિસરમાં કોઈપણ વિદ્યાર્થીની મોબાઈલ ફોન રાખી શહશે નહિ. તેમજ તેનો ઉપયોગ કરી શકશે નહિ. તેજ પ્રમાણે કોઈપણ સ્ટાફ પોતાનો મોબાઈલ ફોન કોઈપણ વિદ્યાર્થીનીને આપશે નહિ.

રૂમ કોન્ટેકટઃ– સંકુલ પરિસરની સીટીમાં રૂમ રાખીને રહેતી વિદ્યાર્થીનીઓનાં રૂમ પર કે હોસ્ટેલનાં રૂમ પર કોચીંગ કે માર્ગદર્શન માટે કોઈપણ વિદ્યાર્થીની કોઈપણ સ્ટાફની સેવા લઈ શકશે નહિ. વર્ગ ખંડમાં જ આવી સેવા ઉપલબ્ધ રહેશે.

યુનિફોર્મઃ– બાલમંદિરથી પી.જી. સુધીના વિભાગમાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ માટે સંસ્થાએ નક્કી કરેલ યુનિફોર્મ પહેરવો ફરજીયાત છે. બાલમંદિરથી કોલેજ સુધીની વિદ્યાર્થીનીઓ તેમજ તમામ સ્ટાફ માટે બુધવાર અને શનિવાર મુક્તિ રહેશે. બાલમંદિરથી ઉ.મા. સુધીની વિદ્યાર્થીનીઓ રીપીટેડલી દરમિયાન પણ સ્ટાફ અને સ્ટુડન્ટે યુનિફોર્મ પહેરવો ફરજીયાત રહેશે.

વસ્તુ વેચાણ નહિ :– સંકુલ પરીસરના ટીચીંગ તથા નોન–ટીચીંગ સ્ટાફ પૈકી કોઈપણ વ્યકિત આપસમાં કે વિદ્યાર્થીનીઓને ખાદ્યચીજ કે અન્ય કોઈપણ વસ્તુનું વહેચાણ કરી શકશે નહિ.તેમજ વર્કિંગ અવર્સ દરમિયાન કોઈપણ સ્ટાફ બાળક કે કોઈપણ વ્યકિતને સાથે લાવી શકશે નહિ તેવા સંસ્થાના પ્રવર્તમાન નિયમનું ચુસ્ત પાલન કરવા ખાસ નોંધ લેવી.

બર્થ ડે નહિ :– સતત ચાલુ રહેતી બર્થ ડે ઉજવણીને કારણે શૈક્ષણીક કાર્યમાં પડતી ખલેલ અને ઉજવણી ખર્ચમાં થતી ચડસા ચડસીનાં નિવારણ માટે સંકુલ પરિસરમાં વિદ્યાર્થીનીઓને બર્થ ડે ઉજવવા પર પ્રતિબંધ છે. વિદ્યાથીનીને જન્મદિને ફ્રિ ડ્રેસ પહેરવાની છુટ રહશે નહિ.વર્ગ ખંડ અને હોસ્ટેલ રૂમ સહિત કેમ્પસમાં કોઈપણ જગ્યાએ સમુહમાં બર્થ ડે નારા બોલી શકશે નહિ. કોઈપણ વિદ્યાર્થીનીને આ નિમિતે ચોકલેટ, કેક, સહિત કોઈ પણ વસ્તુ આપી શકશે નહિ. કે સ્વિકારી શકાશે નહિ.

બહારની પરીક્ષા સુચનાઃ– સંકુલ પરિસરમાં વખતાં વખત સરકારશ્રીની માન્યતા પ્રાપ્ત પ્રતિષ્ઠીત સંસ્થા દ્વારા લેવાતી વિવિધ પ્રકારની શૈક્ષણિક સ્વરૂપની પરીક્ષાઓ યોજવાની પ્રથાછે.જયારે અન્ય પ્રકારની સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીનીઓ પાસેથી ફીઝ ઉઘરાવીને લેવામાં આવતી આધ્યાત્મિક કે અન્ય સ્વરૂપની પરિક્ષાઓ માટે મનાઈ છે.

રાત્રી કલાસ થીયરી–ટીચીંગ સ્ટાફ દ્વારાઃ– ધોરણ ૬ થી UG રાત્રી કલાસ થીયરી તાસ માત્ર ટીચીંગ સ્ટાફને જ એલોટ થશે. એટલે કે નોન ટીચીંગ, વહીવટીય, નિવાસી વિગેરે કોઈને એલોટ થશે નહી. કોમ્પુટરલેબ,લેંગ્વેઝલેબ અને ઈ–લર્નીંગ, ઈ–લાયબ્રેરી તાસ ટેકનીકલ સ્ટાફને એલોટ થશે. એટલે કે તે તાસ પણ નોનટીચીંગ,વહીવટીય,નિવાસી વિગેરે સ્ટાફને એલોટ થશે નહી. ટીચીંગ સ્ટાફ એટલે સ્કુલ,કોલેજ કે કોચીંગ કલાસમાં પાર્ટટાઈમ કે ફુલટાઈમ ધોરણે રેગ્યુલરી પૂર્ણ દિવસ ટીચીંગ કાર્યમાં એંગેજ હોય તે ટેકનીકલ સ્ટાફ એટલે ઉપરોકત પ્રકારના લેબ કાર્યમાં રેગ્યુલરી પૂર્ણ દિવસ સ્કુલ કોલેજ કે કોચીંગ લેબમાં એંગેજ હોય તે રાત્રી કલાસ EXPERT ટીચર્સથી ચાલશે નોન EXPERT કામચલાઉ ગણાશે. રાત્રીકલાસ સંપુર્ણપણે ટીચીંગ બેઈઝ વાતાવરણથી ચાલશે. ટીચીંગ સ્ટાફ પ્રેકટીકલ કાર્ય માટે માન્ય ગણાશે પ્રેકટીકલ સ્ટાફ ટીચીંગ કાર્ય માટે માન્ય ગણાશે નહી. ઉપરોકત ક્રાઈટેરીયામાં નહી આવે તો સ્ટાફ મુકત થયેલ ગણાશે.

ધો. ૧૧ કોમર્સ–સાયંસ પ્રવેશ ચોકસાઈઃ– શિક્ષણ બોર્ડ ગાંધીનગર ની સુચના મુજબ ધો. ૧૧ કોમર્સ–સાયંસ પ્રવેશ માટે ધો. ૧૦ નું સ્કુલ લીવિંગ સર્ટી હોવુ ફરજીયાત છે. તે શિવાયનાં સ્કુલ લીવિંગ સર્ટી ને ધો. ૧૧ કોમર્સ–સાયંસમાં પ્રવેશ મળી શકે નહી. એટલે કે ધો. ૧૦ નાં સ્કુલ લીવિંગ સર્ટી ઉપર ધો. ૧૧ ની કોઈપણ સ્કુલમાં દાખલ થયા બાદ ધો. ૧૦ નાં ડુપ્લીકેટ સ્કુલ લીવિંગ સર્ટી ઉપર જાણતા હોવા છતા ધો. ૧૧ માં પુનઃ પ્રવેશ લેનાર અને આપનાર ફોજદારી ગુનાને પાત્ર બને છે. તેવી સલાહ અત્રે મળેલ છે. સંસ્થાનાં કર્મચારીની સલામતિ માટે માર્ચ–૨૦૧૨ પહેલાની માર્કશીટ ઉપર ચાલુ સાલે ધો. ૧૧ માં પ્રવેશ મેળવનારે આગળનાં કોઈપણ વર્ષમાં કોઈપણ સ્કુલમાં ધો. ૧૧ માં પ્રવેશ લીધેલ નથી તે મતબલનું વાલીશ્રી અને વિદ્યાર્થીનીનું સંયુકત એફીડેવીટ લેવાની પ્રથા રાખવી.

રાજીનામું ભરતી – વેકેશન મીડટર્મ સેલરીઃ– નોન ટીચીંગ સ્ટાફ – રેઝિગ્નેશન નોટીસ પીરીયડ એક માસનો રહેશે. પરંતુ ટીચીંગ સ્ટાફ ઉનાળું વેકેશન દરમીયાન રીલીવ થાય તે રીતે રાજીનામું આપે તો એક માસનો નોટીસ પીરીયડ રહેશે. ટીચીંગ સ્ટાફ ઉનાળું વેકેશન સિવાયનાં દિવસે રીલીવ થાય તે રીતે રાજીનામું આપે તો બે માસનો નોટીસ પીરીયડ રહેશે.
સંસ્થા ટીચીંગ–નોન ટીચીંગ સ્ટાફને છૂટ્ટા કરે છે ત્યારે ચાલુ માસની યા ચાલું માસનાં બાકીનાં દિવસની સેલરી પેઈડ કરે છે તે પ્રથા યથાવત રહેશે. નવા સ્ટાફને હાજર થયાનાં એક મહિના પછી મિડટર્મ – વેકેશન આવતા હોય તો મિડટર્મ – વેકેશનની %સેલરી પેમેન્ટ થશે. બે મહિના પછી %, ત્રણ મહિના પછી %અને ચાર મહિના પછી %સેલરી પેમેન્ટ થશે.

ઉચ્ચ અધિકારી ખાસ ફરજ DL પ્રથા સ્પષ્ટતાઃ– બન્ને મિડટર્મ – બન્ને વેકેશન ખૂલતા રવિવારે ગોઠવાતા ફીજ કાઉન્ટર. અને વાલી મુલાકાત દિન વખતે રવિવારે ગોઠવાતી વાલી વ્યવસ્થા. તેમ જ રીપીટેડલી રાઉન્ડ એડજસ્ટમેન્ટ માટે રવિવારે ગોઠવાતી રીપીટેડલી. એમ ત્રણેય જવાબદારીમાં રોકાયેલ O/S – ઓફીસર – પ્રિન્સીપાલ – ડાયરેક્ટરને તે દિવસની જવાબદારી વહન કરવા બદલ તેમને DL આપવાની પ્રથા નથી. પરંતુ તે શિવાયનાં સ્ટાફને Next Week માં તે અર્થે DL આપવાની પ્રથા છે. તે જ પ્રમાણે ખાસ ફંકશન વખતે પણ ઉપરોકત પ્રથા અમલમાં રહેશે.

નબળુ પરફોર્મન્સ – પાર્ટટાઈમ વર્કલોડ :– ટીચીંગ સ્ટાફ જેમનું નબળું પરફોર્મન્સ હોય તેમને ફુલટાઈમ વર્કલોડમાંથી પાર્ટટાઈમ વર્કલોડમાં ટ્રાન્સફર કરવાની પ્રથા છે. જે પ્રથાનું છેલ્લા કેટલાક સમયથી પાલન થતું નથી જેનું પૂનઃ પાલન કરવાની બાબત વિચારાધીન છે. ફુલટાઈમમાંથી પાર્ટટાઈમમાં ટ્રાન્સફર થવાને કારણે કન્સર્ન સ્ટાફ પુરતી તૈયારી કરી શકે અને સ્ટુડન્ટસને પણ પુરતો ન્યાય આપી શકે. તેમજ તેઓને પરફોર્મન્સ સુધારવાનો પુરતો મોકો પણ મળે અને પૂનઃ પાર્ટટાઈમમાંથી ફુલટાઈમમાં ટ્રાન્સફર થવાનાં ચાન્સ પણ મળે. જૂનો સ્ટાફ જેમનું સારૂ પરફોર્મન્સ હોય છે તેમનું સારૂ જ પરફોર્મન્સ રહેતું હોય છે. પરંતુ નવો સ્ટાફ હોય તેમાં કેટલાકનું શરૂઆતમાં સારૂ પરફોર્મન્સ રહે છે અને સમય જતા નબળુ પડતુ જાય છે. સારૂ નબળું પરફોર્મન્સ સેલરી સાથે કનેક્ટ છે જે ને રદ કરી વર્કલોડ સાથે કનેક્ટ કરવાની બાબત વિચારાધીન છે. નોંધઃ– (૧) પરફોર્મન્સ એટલે માત્ર ફીડબેક નહી પરંતુ તે ઉપરાંત બીજી કેટલીક બાબત પણ. (૨) પરફોર્મન્સ નક્કી કરવામાં ફીડબેક અંશતઃ ઉદીપકની ભૂમિકા ભજવે છે એટલે કે પ્રક્રિયાને ઝડપી બનાવે છે. (૩)સંકુલની વિદ્યાર્થીનીઓ ફીડબેક આપવામાં પોતાનુ સામુહીક હિત જુએ છે અને તેમાં તેઓ પરીપકવ પુરવાર થઈ ચુકી છે. (૪) મેનેજમેન્ટ પણ ફીડબેકનું પૃથક્કરણ કરે છે અને દરેક પાસાઓ ઉપર ગંભીરતા પૂર્વક વિચાર કરે છે. (૫) પાર્ટટાઈમ કરતી વખતે બીજા પાર્ટટાઈમ સ્ટાફની પણ નવી વ્યવસ્થા થશે ભવિષ્યમાં જેનું વર્ક સારૂ હશે તે ફુલટાઈમ થશે.

પરિક્ષા ખંડ – મહેનતનો સાથ :– સંકુલની વિદ્યાર્થીનીઓ પરિક્ષા ખંડમાં તેની મહેનત ઉપર ભરોસો રાખશે. તેઓ ચોરીથી દૂર રહેશે–મોકો મળશે તો પણ લાભ લેશે નહી. તેઓ ચોરી સિવાય સારા માર્કસથી પાસ થઈ જીવનભર તેનો આનંદ અને ગૌરવ અનુભવશે. તેઓની સમગ્ર વર્ષની પૂર્ણ સમયની હાજરી, ડેઈલી ટેસ્ટ રાત્રી ક્લાસ, ક્વાર્ટરલી એક્ઝામ અને રીપીટેડલી ટેસ્ટની સખત મહેનત અભિનંદન અને આભારને પાત્ર છે.

પરિણામ–મીનીમમ લક્ષ્યાંક :– સંસ્થાનાં બોર્ડ અને યુનિવર્સિટીનાં પરિણામનાં નીચે પ્રમાણે મીનીમમ લક્ષ્યાંક છે. દરેક ધોરણનું ૧૦૦% પરિણામ સાથે પાસ ક્લાસ Zero ટકા અને ડીસ્ટીકશન Zero ટકા નહી. ચાલુ સાલથી મીનીમમ લક્ષ્યાંકને હાંસલ કરવા સ્ટાફ અને સ્ટુડન્ટ્સને યોગ્ય દિશામાં તૈયારી કરવા–કરાવવા આગ્રહભરી વિનંતી છે. આવતી સાલથી ધોરણને બદલે વિષયને મીનીમમ લક્ષ્યાંક ગણવાની બાબત વિચારાધિન છે.

કોર્સ કમ્પ્લીશન માટે ટેસ્ટ તાસ નહી :– ધો–૧ થી PG સુધીનાં જે તે ક્વાર્ટરનાં નકકી થયેલ કોર્સ જે તે ક્વાર્ટરમાં પુરા કરવા ફરજીયાત છે. જે વિષયનો કોર્સ પુરો થઈ જાય તે વિષયનાં તાસ બાકી કોર્સવાળા વિષયમાં ટ્રાન્સફર કરવાની પ્રથા છે. તે ઉપરાંત કોર્સ પુરા કરવા માટે એક્સ્ટ્રા તાસ પણ જરૂરી છે. કોર્સ પુરો કરવામાં ટેસ્ટનો તાસ વાપરી શકાય નહી. સ્ટાફ અને સ્ટુડન્ટ્સ સમયસર કોર્સ પુરો કરવા માટે એકબીજાને સહકાર આપે તે ઈચ્છનીય છે.

લેબમાંથી વહેલા છુટવા પર નિયંત્રણ :– ફાર્મસી સાયંસ અને ઈન્ફોટેક ની વિદ્યાર્થીનીઓને ૫ : ૩૦ પહેલા લેબારેટરી છોડવાની પ્રથા નથી. ૫ : ૩૦ પહેલા પ્રાયોગીક કાર્ય પૂર્ણ થાય તો તેઓ એ લેબ માં જર્નલ વિગેરેનું કાર્ય કરવાની પ્રથા છે. ઉપરોક્ત પ્રથા ઉ.મા. સાયંસ સહિત તમામ કોમ્પ્યુટર લેબનાં છેલ્લા તાસનાં સ્ટાફ સ્ટુડન્ટ્સને પણ લાગું પડે છે. સ્કુલ–કોલેજ છૂટવાનાં સમય પહેલા હોસ્ટેલની વિદ્યાર્થીનીઓને ગૃહમાતા હોસ્ટેલ પ્રવેશ આપશે નહી અને સીટીની વિદ્યાર્થીનીઓને સીક્યુરીટી ગેઈટ બહાર જવા દેશે નહી. આ પ્રથાનાં ચુસ્ત પાલન માટે સ્ટાફ–સ્ટુડન્ટ્સ અને કો–ઓર્ડીનેટરશ્રીઓને કાળજી રાખવા વિનંતી છે.

પહેલો છેલ્લો દિવસ – રાત્રિ ક્લાસ :– વેકેશન મીડટર્મ ખૂલતા પ્રથમ દિવસથીજ રાત્રી ક્લાસનાં તાસ શરૂ થઈ જશે. તેજ પ્રમાણે વેકેશન મીડટર્મ પડતા નાં છેલ્લા દિવસ સુધી રાત્રી ક્લાસના તાસ ચાલુ રહેશે. હોસ્ટેલની વિદ્યાર્થીનીને વેકેશન ખૂલતાની આગલી રાત્રે બે ફીલ્મ બતાવવાની પ્રથા રહેશે ત્યાર પછીની રાત્રે એકપણ ફીલ્મ બતાવવાની પ્રથા રહેશે નહી.

કોરી કે ગપ્પા મારેલ જવાબવહી :– હોમવર્ક ટેસ્ટમાં કે ક્વાર્ટરલી એક્ઝામમાં વિદ્યાર્થીની જવાબવહીને કોરી છોડી દેશે કે શિક્ષકને ઉઠા ભણાવવા ગપ્પા મારશે તો તે શિસ્તભંગ ગણાશે. જે તે ક્વાર્ટરનાં તમામ વિષયનાં તમામ હોમવર્ક ટેસ્ટ કે જે તે ક્વાર્ટરલી એક્ઝામનાં તમામ પેપરમાં વિદ્યાર્થીની નાપાસ થયેલ હશે તો તેમને ક્વાર્ટરને અંતે LC ઈસ્યુ કરવામાં આવશે. આ માટે વાલીશ્રીને રૂબરૂ બોલાવી સમજણ આપી LC ઈસ્યુની પ્રથા રહેશે.

ઓપનીંગ વેકેશન – ગેરહાજર શિક્ષા :– બન્ને વેકેશન તથા બન્ને મીડટર્મ ખુલતાનાં પહેલા અઠવાડીયામાં સ્કુલ – કોલેજની ધો.– ૮ થી PG સુધીની ગેરહાજર રહેલ વિદ્યાર્થીનીઓ જેટલા દિવસ ગેરહાજર હશે તેમનાં અડધા દિવસ પ્રમાણે તે પછીનાં અઠવાડીયામાં આર્યસમાજ હોલમાં બેસવાનું રહેશે. તેઓએ સ્કુલ–કોલેજમાં હોમવર્ક ટેસ્ટ આપી હોલમાં આવવાનું રહેશે અને સ્કુલ–કોલેજ છુટયા સુધી બેસવાનું રહેશે તે દરમીયાન તેઓ સેલ્ફ સ્ટડી કરશે. સ્કુલ–કોલેજની રીસેસ પ્રમાણે તેઓને રીસેસ મળશે. પ્રેકટીકલની વિદ્યાર્થીનીઓને પણ પ્રેકટીકલમાં જવાની છૂટ રહેશે નહી. કો–ઓર્ડીનેટરશ્રીઓ આ અંગેનું અલગ હાજરી પત્રક મેઈન્ટેન કરશે અને વ્યવસ્થાનું કન્ટ્રોલીગ કરશે.

સીકવન્સમાં વર્ગ ગોઠવણી :– દર વર્ષે ઉનાળુ વેકેશન ખૂલતાથી ધો.૬ થી ૧૦ નાં વર્ગો સીકવન્સ માં ગોઠવવાની પ્રથા રહેશે એટલેકે આગળ ના ધોરણના તમામવર્ગનાં પરિણામને સીકવન્સમાં એકત્રીત કરી ઉપલા ધોરણનાં વર્ગો સીકવેન્સની એકત્રીત યાદીમાંથી ગઠીત થશે. સીકવન્સની એકત્રીત યાદીમાં નવા પ્રવેશ પણ સમાવિષ્ઠ થશે. રાત્રીક્લાસને ઉનાળુ વેકેશન ખૂલતા અને દિવાળી વેકેશન ખૂલતા એમ વર્ષમાં બે વખત સીકવન્સમાં ગોઠવવાની પ્રથા રહેશે. તે જ પ્રમાણે ધો. ૧૧ અને ૧૨ આર્ટસ, કોમર્સ અને સાયંસમાં પણ ઉપરોક્ત પ્રથા અમલમાં રહેશે. ધો. ૧ થી ૫ માં ઉપરોક્ત પ્રથા રહેશે નહી. FY થી PG માં જ્યાં એક થી વધુ વર્ગ હશે ત્યાં ઉપરોક્ત પ્રથા અમલમાં રહેશે. પ્રવેશ પૂર્ણ થતા જશે તેમ–તેમ યાદી તૈયાર થતી રહેશે. જ્યાં પ્રવેશ પૂર્ણ થયા નહી હોય ત્યાં પ્રવેશ પૂર્ણ થતા સુધીની રાહ જોવાશે. ઉપરોક્ત જવાબદારી ઓફીસ અને સુપરવાઈઝરશ્રી સંયુક્ત વહન કરશે.

વેકેશન ખૂલતા – વર્ગખંડ પ્રવેશ :– વેકેશન મીડટર્મ ખૂલતાનાં પ્રથમ દિવસે વિદ્યાર્થીની કેમ્પસમાં વહેલી માંડી પહાંચી હોય તો તેને ગમે તે તાસમાં વર્ગખંડમાં પ્રવેશવાની છૂટ છે. એટલે કે છેલ્લા તાસ સુધી વિદ્યાર્થીની વર્ગખંડમાં પ્રવેશી શકશે અને છેલ્લા તાસમાં પ્રવેશી હશે તો પણ તેમની હાજરી પુરાશે જે પૂર્ણ દિવસની ગણાશે. બીજા દિવસે રીસેસ પહેલાનાં ગમે તે તાસમાં આવી હશે તો પણ પૂર્ણ હાજરી ગણાશે અને રીસેસ પછી આવી હશે તો અર્ધી હાજરી ગણાશે. એક વખત વર્ગખંડમાં પ્રવેશ બાદ છેલ્લા તાસ યાને કે રજા પડે ત્યાં સુધી વર્ગખંડછોડી શકે નહી. ત્રીજા દિવસથી ટેસ્ટ આપીને રજા લઈને જાય તો અર્ધી હાજરી તેમજ ટેસ્ટ પુરો થયા પછી આવે અને આખો દિવસ હાજર રહે તો પણ અર્ધી હાજરી. રીસેસ પછી રજા લઈને જાય તો અર્ધી હાજરી.

સ્કૂલ કોલેજ અવર્સ – અન્યત્ર જોબ નિયંત્રણ :– સંકુલની સ્કૂલ – કોલેજમાં ફૂલટાઈમ સેવા આપતા KG થી PG સુધીનાં તમામ સ્ટાફએ સ્કૂલ–કોલેજ અવર્સ દરમીયાન સ્કૂલ –કોલેજમાં પૂર્ણ સમય હાજર રહેવું ફરજીયાત છે. એટલે કે સ્કૂલ–કોલેજ અવર્સ દરમીયાન અન્યત્ર સેવા આપી શકે નહી. આમ છતા સ્કૂલ–કોલેજ અવર્સ પહેલા કે પછી અન્યત્ર સેવા આપે તો તે વાંધાજનક નથી. કોઈ એક સ્ટાફને આમા છૂટ–છાટ, અન્ય સ્ટાફને નિયમ લાગે છે અને છુટ–છાટની માંગણી આવે છે અને પ્રશ્નો ઉભા થાય છે. તેથી આવી છૂટ નહી આપવાની બાબતનું ચુસ્ત પાલન જરૂરી છે અને કોઈને પણ આવી છૂટ છાટ અપાયેલ હોય તો તે રદ સમજવી.

ફંકશન, પરીક્ષાકાર્ય, ખાસફરજ – CL નહી સીગલ LWP :– સંકુલમાં કેટલાક પ્રસંગોએ ગેરહાજર રહેનારને CL આપવામાં આવતી નથી પરંતુ ડબલ LWP કપાત થાય છે. હવેથી કેટલાક પ્રસંગોનેબદલેતમામ ફંકશન, તમામ પરીક્ષાકાર્યઅનેતમામ ખાસફરજ વખતેગેરહાજર રહેનારનેCL આપવામાંઆવશેનહીપરંતુસીગલ LWP કપાત થશે. ફંકશન, પરીક્ષાકાર્યઅનેખાસફરજનીસ્પષ્ટતા વખતો–વખત લેખીત યા મૌખિક થતી રહેશે. ઉપરોક્ત પ્રથા ટીચીગ સ્ટાફ માટે રહેશે નોનટીચીગ સ્ટાફ માટે નહી. ઉપરોક્ત બાબત વિચારાધિન છે. સૌનાં સુચન આવકાર્ય છે.

અંગ્રેજી બે સેકશનમાં – વિજ્ઞાન ત્રણ સેકશનમાં વિભાજન :– ધો–૬ થી ૧૨ EM - GM ઈંગ્લીશ વિષયનું ટીચીગ બે સેકશનમાં ગોઠવાશે. જે મુજબ ઈંગ્લીશ ટેકસ્ટ બુક અને ઈંગ્લીશ ગ્રામર અલગ અલગ સેકશન ટીચર દ્વારા શીખવવામાં આવશે. જે રીતે ધો–૬ થી ૮ માં વિજ્ઞાન વિષયને ફીજીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજીનાં અલગ અલગ સેકશન ટીચર દ્વારા શીખવવા ની પ્રથા રહેશે.

રપદ – શૈક્ષણિક વ્યવસ્થા સિલેકટેડ સુચનાઓ – D

વિષય અને વિષય જૂથ ટ્રાન્સફર નિયંત્રણ :– ધો.૧૧ આર્ટસ, કોમર્સ, સાયંસ તથા FY BA, B.Com, B.Sc. માં કમ્પલસરી વિષય, મેઈન વિષય કે વિષય જૂથ પ્રવેશ પત્ર માં દર્શાવવું જરૂરી છે. એક વખત પસંદ કરેલ કમ્પલસરી વિષય, મેઈન વિષય કે વિષય જૂથ બદલી આપવામાં આવશે નહી. સંસ્થાએ નક્કી કરેલ વિષય કે વિષય જૂથમાંથી પસંદગી કરવી જરૂરી રહેશે. જે તે વિષય જુથમાં જગ્યા હશે તો પ્રવેશ મળશે.

વિષય પસંદગી કાઉન્સેલીગ નિયંત્રણ :– સંસ્થામાં આર્ટસ કોલેજમાં બે અને સાયંસ કોલેજમાં ત્રણ વિષય મેઈન વિષય તરીકે આપવાની વ્યવસ્થા છે. મેઈન વિષય સાથે ગૌણ વિષય ફીક્સ થયેલ છે તેમાં ફેરફારને કોઈ અવકાશ નથી. કોઈપણ મેઈન વિષયનો ક્રેઈઝ સમયાંતરે બદલાતો રહેતો હોય છે ક્યારે ક્રેઈઝની વધ–ઘટ થાય તે કલ્પવું મુશ્કેલ છે. તેથી વિદ્યાર્થીની જાતે જ મેઈન વિષય પસંદ કરે તે ઈચ્છનીય છે સ્ટાફ કે સંસ્થા દ્વારા કાઉન્સેલીગની પ્રથા નથી.

વિષયનો ભાગ એક વિષય :– ધો–૧૧–૧૨ સાયંસમાં ગણિત અને વિજ્ઞાન વિષયનાં ભાગને એક–એક વિષય ગણી હોમવર્ક ટેસ્ટ લેવાની પ્રથા છે. તેજ પ્રમાણે ક્વાર્ટરલી એક્ઝામ અને રીપીટેડલી ટેસ્ટ લેવાની પણ પ્રથા રહેશે. ધો–૧૧ વાર્ષિકમાં ઈન્ટરનલ માર્કસ માટે બંને કલબીગ કરીને ગણત્રી થશે. પ્રેકટીકલમાં કોઈ એક ભાગમાંથી પ્રેકટીકલ પૂછાશે અને બાકીનાં ભાગમાંથી વાઈવા પૂછાશે. ધો–૧૧ વાર્ષિક પરિક્ષાનાં પેપર્સ બોર્ડમાંથી આવતા હોય વિષય દિઠ જ પરિક્ષા રહેશે. ધો.૧૧–૧૨ ની વિદ્યાર્થીનીઓને સાચા દિલથી આ પ્રથાને અનુસરવા વિનંતી.

ધો. ૯, ૧૧ અને FY પ્રવેશ :– ધો –૯, ૧૧ અને F.Y. માં પ્રવેશ મેળવવા ઈચ્છતી સંસ્થાની વિદ્યાર્થીનીઓએ અનુક્રમે ધો–૮, ૧૦ અને ૧૨ નાં પરીણામનાં પ્રથમ દિવસે જ એટલે કે તે જ દિવસે જે તે પ્રવાહમાં પ્રવેશ મેળવવાપાત્ર થતો હોય ત્યાં ટકાવારીના ધોરણે અને સંસ્થાના નિયમ અનુસાર પ્રવેશ મેળવી લેવાનો રહશે. ધો ૯, ૧૧ અને FY નાં પરિણામના બીજા દિવસે સવારે ૭ કલાકથી ધો. ૯, ૧૧ અને FY નાં પ્રવેશ બહારની વિદ્યાર્થીનીઓ માટે શરૂ થશે. સંકુલની વિદ્યાર્થીની પણ બીજા દિવસથી બહારની વિદ્યાર્થીની જેમ ગણાશે. ધો ૮, ૧૦ અને ૧૨ની ગ્રેસીગ, થર્ડકલાસ કે એક્ઝેમશનથી પાસ થયેલ વિદ્યાર્થીનીને સંસ્થામાં પ્રવેશની પ્રથા નથી. ધો. ૮, ૧૦ અને ૧૨ ની બહારની વિદ્યાર્થીનીઓ માટે આગળના ધોરણના પ્રવેશ માટેની શરતો સમય અને સંજોગો પ્રમાણે જેતે વખતે નક્કી થશે. ધો. ૧૦, ૧૨ અને TY માં પ્રવેશની પ્રથા નથી.

લેઈટ પ્રવેશ નિયંત્રણ :– વેકેશન ખૂલતાનાં પ્રથમ દિવસથી શૈક્ષણિક કાર્ય શરૂ કરવાની સંસ્થામાં પ્રથા છે. લેઈટ એડમીશન – કોર્સને આગળ ચલાવવામાં અવરોધક બને છે અને નિયમિત વિદ્યાર્થીઓને નારાજ કરે છે. તેથી સંસ્થામાં ૩૦ જૂન બાદ પ્રવેશ આપવાની પ્રથા નથી. મધ્યસ્થ પ્રવેશ સમિતિનાં પ્રવેશને આ નિયંત્રણ લાગુ પડતું નથી.

